

# ઈસ્લામી મદ્રસાઓ ઈતિહાસ તથા સત્યના પ્રકાશમાં

લેખક : હઝરત અલ્લામા મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી
(તંત્રી : માહનામા અશરફિયા, મુબારકપુર, યુ.પી.)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા**

GRWB/059/Bharuch/02

*C/o.* ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૦૬ | આવૃત્તિ—૧ | પ્રત : ૩૧૦૦ |
| ૬—રજબુલ મુરજ્જબ | હિ.સ. ૧૪૨૩ | ૩—સપ્ટેમ્બર |

**પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો !**

નૂરાની આર્ટ, દયાદરા, ફોન. (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨



## ☆ અનુક્રમણિકા ☆


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | શિક્ષણ તથા ઈતિહાસનું કેસરીયાકરણ ! | ૦૪ |
| ૦૨ | દેશની પ્રગતિમાં તાલીમ (શિક્ષણ)નું મહત્વ | ૦૭ |
| ૦૩ | ઈસ્લામનું શિક્ષણ બાબતે દ્રષ્ટિબિંદુ | ૧૧ |
| ૦૪ | ઈસ્લામ પહેલાં ઈલ્મની કફોડી હાલત | ૧૬ |
| ૦૫ | પ્રારંભિક ઈસ્લામી મદ્રસાઓ | ૧૮ |
| ૦૬ | મોગલ યુગમાં મદ્રસાઓનો ક્રમ અને દીન તથા ઈલ્મનો વિકાસ | ૨૪ |
| ૦૭ | ઔરંગઝેબ આલમગીર પર એક આક્ષેપ | ૨૮ |
| ૦૮ | અંગ્રેજ યુગમાં દીની ઈલ્મોની નિરાધાર હાલત | ૨૯ |
| ૦૯ | આઝાદી બાદ ઈસ્લામી મદ્રસાઓ | ૩૧ |
| ૧૦ | પડતીના યુગમાં અહલે સુન્નતના મર્કઝનો રોલ | ૩૩ |
| ૧૧ | દેશની પ્રગતિમાં મદ્રસાઓનો રોલ | ૩૬ |


## ★ સૂરતુલ્ ફાતેહા ★

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝٢ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۝٣ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ۝٤ اِيَّاكَ نَعْبُدُ وَ
اِيَّاكَ نَسْتَعِيْنُ ۝٥ اِهْدِنَا الصِّرَاطَ
الْمُسْتَقِيْمَ ۝٦ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۝ غَيْرِ
الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۝٧

ત્રણ વાર પઢવાનો ષવાબ બે વાર કુર્આન શરીફ પઢવા બરાબર છે.

بسم الله الرحمن الرحيم

## نحمدهٗ ونصلی علی رسولهِ الکریم

વર્તમાનકાળ મીડિયા (પ્રચાર માધ્યમો) તથા પ્રોપેગન્ડાઓનો દૌર છે. ઈલેકટ્રોનિક માધ્યમો થકી આખી દુનિયાને એક ગામડુ બનાવીને રાખી દેવામાં આવ્યું છે. ઈન્ટરનેટ થકી કોઈ જૂઠી કે સાચી ખબરને થોડીક જ ક્ષણોમાં વિ□ના દરેક આંગણા સુધી પહોંચાડવામાં આવી શકે છે. એ જ કારણે પ્રગતિ પામેલા દેશો કાળી રાતના સન્નાટામાં કોઈ પણ મનસૂબો બનાવે છે અને સુનેહરી સવારનું પ્રથમ કિરણ ફૂટતાં સુધીમાં વિ□ના માનવોને ખબરદાર કરી દેવામાં આવે છે. વર્તમાનકાળના આ પ્રિન્ટ તથા ઈલેકટ્રોનિક માધ્યમે જેવી રીતે માનવોના કારવાંને પ્રગતિના પંથે દોડતો કર્યો છે અને વર્ષોનાં અંતરને ક્ષણોમાં સમેટયું છે, એવી જ રીતે સાથોસાથ જાતીઓ તથા દેશોની વચ્ચે દુશ્મનાવટ તથા ગલતફહમીઓની દિવાલો પણ ઉભી કરી છે અને ઊંચાઈ તરફ આગળ વધતા કાફલાઓના માર્ગમાં ડગલેને પગલે ખતરાઓ પણ પેદા કર્યા છે. મહોબ્બતના માનવ સંબંધોના સ્થાને જંગલીપણાની સત્તા છે. પાડોશી પ્રતિ પ્રેમ ભાવનાના પવિત્ર સ્થાને અદાવતોનું ઝહેર ઓકવામાં આવી રહ્યું છે. એવું લાગે છે કે જેમ જેમ માધ્યમોનાં થકી અંતરો ઘટી રહ્યાં છે તેમ તેમ દિલોનાં અંતરો વધી રહ્યાં છે. જાહેરી શોભા આંખોને આંજી રહી છે અને પ્યારની નગરીઓ વેરાન થઈ રહી છે, ચો તરફ અજંપો છે, નગર નગરમાં ભય તથા દહેશતનો માહોલ છવાયેલો છે, શહેર શહેર પૂર્વગ્રહ તથા સંકૂચિત દ્રષ્ટિનું વાતાવરણ છે. કયારે કયાં ચમન ઉજડી જશે, કાંઈ જ નથી કહી શકાતુ ! કયારે કોનો આશિયાનો આગને હવાલે કરી દેવામાં આવશે, કાંઈ જ નથી કહી શકાતુ ! આ પ્રગતિ કરતાં પસ્તી બેહતર હતી, આ વર્તમાન કરતાં ભૂતકાળ સારો હતો, આ રોશની કરતાં તો અંધકાર જ સારો હતો !

વો અંધેરે હી ભલે થે કે કદમ રાહ પર થે
રોશની લાઈ હૈ મંઝિલસે બહોત દૂર હમેં

અય કાશ ! કે આ રોશની ઈસ્લામના દામનથી ફૂટતી તો અજવાળુ થાત, આ પ્રગતિ પર ઈસ્લામનો સાયો હોત તો અમ્ન સુકૂન હોત, આ વર્તમાન પર ઈસ્લામના ભૂતકાળનું પ્રતિબિંબ પડત તો ખુશહાલી હોત. પણ અફસોસ ! કે દુનિયાભરનાં પ્રચાર માધ્યમો પર અંગ્રેજો તથા યહૂદીઓની પકડ છે અને





ઈન્ડિયામાં તેની દોરી આર. એસ. એસ., વિ. હિ. પ. વગેરે ઉગ્રતાવાદી બળોના હાથોમાં છે અને "**الکفر ملة واحدة**" ના હેઠળ સૌનો નિશાનો ઈસ્લામ તથા મુસલમાન છે. અરબ સત્તાધારીઓ મોજમજામાં ડૂબીને સસલાની ઊંઘમાં મદહોશ પડેલા છે. અન્ય મુસ્લિમ બહુમતીવાળા દેશો પશ્ચિમી દેશોના દબાણ હેઠળ છે અથવા મજબૂર કે લાચાર છે. મુસ્લિમ જાતિઓ દર્દનાક વિખવાદનો શિકાર છે. હિંદુસ્તાની મુસ્લિમોમાં રાજનૈતિક તથા ધાર્મિક બાબતોએ જબરદસ્ત મતભેદ છે. **લીડરશીપ આર્થિક લાભ ખાટવાનું સાધન સામાન્યતઃ બની ચૂક્યું છે. ધર્મના નામે ખુદા પરસ્તીને બદલે ખૂદ પરસ્તીની ભાવના** દિન બ દિન વધી રહી છે, ધોળા દહાડે કૌમના લાભને અંગત લાભ ખાતર કુર્બાન કરવામાં આવી રહ્યો છે ! આલિમો તથા મદ્રસાઓ **આપણી કૌમની દ્રષ્ટિએ દયાને પાત્ર છે !** અને દેશના પ્રચાર માધ્યમોની દ્રષ્ટિમાં **આતંકવાદી** છે ! આપણા દેશની લોકશાહી વ્યવસ્થા હિંદુત્વના ઉગ્રવાદી પંજામાંથી જાન મુક્તિની ફરિયાદ કરી રહ્યો છે. દેશભરના મદ્રસાઓ તથા મક્તબો ઉગ્રવાદી પરિબળોના નિશાના પર છે. બહુમતી ગૃપના દબાણ હેઠળ ગવર્નમેન્ટ કક્ષાએ મદ્રસાના અસ્તિત્વને ખતરાનું નિશાન દર્શાવવામાં આવી રહેલ છે. સામાન્ય રાજનૈતિક સ્ટેજોથી લઈને પાર્લામેન્ટ સુધી મદ્રસાઓની વિરૂધ્ધ ઉહાપોહ કરવામાં આવી રહ્યો છે. હિંદી તથા અંગ્રેજી અખ્બારો સતત મદ્રસાઓ વિરૂધ્ધ ઝહેર ઓકી રહ્યાં છે કે ઈસ્લામી મદ્રસાઓ આતંકવાદના અડ્ડાઓ છે, મદ્રસાઓમાં વતન દુશ્મનીની તા'લીમ આપવામાં આવે છે, મદ્રસાઓનો સંબંધ વિદેશી આતંકવાદીઓ સાથે છે, મદ્રસાઓમાં જેહાદી ગૃપ તૈયાર કરવામાં આવી રહ્યાં છે, મદ્રસાઓમાં કત્લ તથા ખૂનરેજીની કેળવણી આપવામાં આવે છે. આ પ્રકારનાં **હાસ્યાસ્પદ** તથા **પાયાહિન** સૂત્રો થકી રાજકરણીઓ તથા વેચાઈ ચૂકેલા પત્રકારોએ આકાશ માથે લીધેલું છે. પણ આ સમજબુઝવાળા તથા છાનબીનવાળા યુગમાં અતિશય તપાસ છતાં કોઈ સાક્ષી એ વાતની મળી શકી નથી ! હિંદુસ્તાની ઈતિહાસમાં કદાચ આનાથી મોટુ જૂઠ કદી નહીં બોલાયુ હોય !

## ☆ શિક્ષણ તથા ઈતિહાસનું કેસરીયાકરણ ! ☆

અત્યારે હિંદુસ્તાની મુસલમાનોને રાજકિય, સામાજિક, આર્થિક તથા શૈક્ષણિક ક્ષેત્રે પાંગળા કરવાની આ સૌથી મોટી સાઝિશ છે. આઝાદી પછી સતત મુસલમાનોનો ઈતિહાસ, શૈક્ષણિક કોર્સ તેમજ ઈસ્લામી તથા જાતી

નિશાનીઓ પર છાપો મારવામાં આવી રહ્યો છે. હંગામામય પ્રોપેગન્ડા (કુપ્રચાર) કરીને તેમના શૈક્ષણિક તથા જાતી પ્રભાવને ઘાયલ કરવામાં આવી રહ્યો છે. જેના પરિણામે નવી પેઢીઓમાં પૂર્વગ્રહની આગ ભડકી ઉઠી છે અને તેનાથી વતનીભાઈઓના વચ્ચે નફરત તથા બેઝારીનો લાવારસ પીગળી પીગળીને તેમની સંસ્કૃતિને ઝેરીલી બનાવી રહેલ છે. અને આ સર્વ કાંઈ એ જ ચાલ હેઠળ થઈ રહ્યું છે જેનો પાયો અંગ્રેજ સામ્રાજ્યે નાખ્યો હતો. અંગ્રેજોએ પોતાના શાસનકાળ દરમ્યાન ''લડાવો અને રાજ કરો''ની સત્તા માટેની ફિલોસોફી પર હિંદુ મુસ્લિમ સંબંધોને ખત્મ કરવાના માટે દરેક શક્ય તે કોશિશ કરી હતી અને હિંદવાસીઓની નાદાનીઓના કારણે તેઓ એમાં સફળ પણ થઈ ગયા.

પ્રોફેસર સંઘા સેન સિંઘ સેક્રટરી જનરલ રોમ ઈન્ટિટયૂટ ઓફ ઓબ્જેક્ટિવ સ્ટડીઝ–દિલ્હી, પોતાની આત્મકથા વર્ણન કરતાં છે કે :–

''ઈસ્લામી નીતિરીતિ અને સભ્યતા તથા સંસ્કારમાં ઈલ્મના મહત્વથી હું તદન અજાણ હતો. એના અનુસંધાનમાં મારી પાસે કોઈ જાણકારી હતી તો તે પણ અપૂર્ણ, કઢંગી અને કુરૂપ થયેલી હતી. એનો સબબ પશ્ચિમી લેખકોનાં પક્ષપાતી તથા અન્યાયી લખાણો હતાં જે એ જમાનામાં દરેક વિદ્યાર્થીના અભ્યાસમાં રહેતાં હતાં. ઈન્ટર મિડિયતનો વિદ્યાર્થીકાળ મને સારી પેઠે યાદ છે જ્યારે હિંદુસ્તાની ફિલોસોફીનો પ્રથમ પાઠ ભણાવવામાં આવ્યો તો પાઠની શરૂઆત એક મુસલમાન જનરલના ઉલ્લેખથી થયો, જેના બારામાં નકલ થયેલ છે કે ઈસ્કન્દરિયા (મિસર)ની મશહૂર લાયબ્રેરી પર હુમ્લો કરીને તેણે તેને આગ ચાંપતાં પહેલાં કહ્યું હતું કે જો લાયબ્રેરીમાં એવી કિતાબો છે જે કુર્આને કરીમની વિરૂધ્ધ છે, જેનું શિક્ષણ અલ્લાહની કિતાબના પ્રમાણે નથી, તેને સળગાવીને રાખમાં ફેરવી દેવી જોઈએ. હમેશાંની કિતાબ કુર્આને અઝીમ તો આપણી પાસે મૌજૂદ જ છે.

વરસો પછી જ્યારે હું એ પ્રસંગને યાદ કરું છું તો મને એહસાસ થાય છે કે વર્ણવેલ જનરલ વિશે સહીહ માર્ગદર્શન આ લખાણોમાં નથી કરવામાં આવ્યું જે પશ્ચિમી લેખકના થકી છે. કેમ કે વર્ણવેલ જનરલ પ્રતિ સંબંધિત પ્રસંગમાં જો સચ્ચાઈ છે તો મને એ કહેવામાં જરાય સંકોચ નથી કે જનરલે અસલ ઈસ્લામના હાર્દની તર્જુમાની નથી કરી. એ પણ એક હકીકત છે કે આ પ્રકારના પ્રસંગોના પ્રચારમાં ઈસ્લામ વિરૂધ્ધ કુપ્રચારનો મોટો રોલ રહ્યો છે.''





પ્રોફેસર સાહબ અમુક લીટીઓ પછી લખે છે :–

''હિંદુસ્તાનના બંધારણના આગળ પડતા નિયમોમાં સ્પષ્ટપણે બધાંરણીય હુકમો હોવા છતાં પણ લગભગ ૪૭ વરસના સત્તાકાળમાં મુસલમાનો પ્રત્યે ગફલત તથા સુસ્તી, બેદરકારી તથા લાપરવાહીનું વલણ મોટા પ્રમાણમાં વધતુ જઈ રહ્યું છે. આવા અસહકારી તથા પૂર્વગ્રહભર્યા સંજોગો છતાં મુસલમાનોના ચાલ્યા આવતા ઈદારા (મદ્રસા) જે સારી રીતે પોતાની ફરજોનું પાલન કરવામાં વ્યસ્ત રહ્યા છે તે દાદને પાત્ર છે અને ભલાઈવાળા પણ છે. એ મદ્રસાઓની સંખ્યા ઘણી મોટી છે પણ બદ્‌કિસ્મતીથી એ ઈદારાઓની કામયાબી તથા કાર્ય પધ્ધતિનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં નથી આવ્યો.'' *(હિંદુસ્તાનકે અહમ મદારિસ, ૧૯૯૬ ઈ.સ., નવી દિલ્હી, પેજ–બે, જીમ)*

અત્યારે શિક્ષણ તથા મિડિયા થકી દેશના ઈતિહાસ તથા સંસ્કૃતિ અને નીતિરીતિ તથા આપસી વ્યવહારને જબરદસ્ત નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. એનો એહસાસ દેશના તમામ બિનસાંપ્રદાયિક (સેક્યૂલર) નીતિવાળા લોકોને છે. શિક્ષણના કેસરીયાકરણ પર પ્રકાશ વેરતાં માજી વડાપ્રધાન મિ. ઈન્દ્રકુમાર ગુજરાલે પોતાના એક પ્રવચનમાં કહ્યું :–

''દેશ વિવિધ ધર્મો, ભાષાઓ અને સંસ્કૃતિઓનો સમુહ છે એ આપણી સામુહિક સંસ્કૃતિનો વારસો છે અને આપણી ઐતિહાસિક રિવાયતો એની તર્જુમાની કરે છે, જેને આજે બદલવાની કોશિશ કરવામાં આવી રહી છે. જો એવું થયું તો એનાથી આપણા ધાર્મિક સંબંધોને સખત નુકસાન પહોંચશે અને વિવિધ તબકાઓ દરમ્યાન આપસી વિ□ાસને ઈજા પહોંચશે, આ સમસ્યા કેવળ મુસલમાનોની નથી બલ્કે સૌની સમસ્યા છે. આ એક ખાસ તબકાની સોચ છે એમાં હિંદુ ધર્મ કે હિંદુ જાતીનો સમાવેશ કરવો સહીહ નથી.''

કૌમી કોન્ફરન્સના તે જ ઈજલાસમાં માજી વડા પ્રધાન મિ. વી. પી. સિંઘે પોતાના દર્દો ગમને પ્રદર્શિત કરતાં કહ્યું :–

''સૌથી મોટી શક્તિ માણસની વિચારસરણી છે અને માનવ વિચારસણી પર પ્રભાવ પાડનારી બે ચીજો છે, એક શિક્ષણ વ્યવસ્થા અને બીજા પ્રચાર માધ્યમ, એમાં શિક્ષણને ખાસ મહત્વ પ્રાપ્ય છે. એના થકી બાળકોના માનસપટ પર જે અંક્તિ થાય છે તેને પછી બદલવું શક્ય નથી હોતું. આ કાર્યને અસરકારક અંદાઝમાં અંજામ આપવા માટે શિક્ષણના કોર્સને ઝરીયો

બનાવવામાં આવી રહ્યો છે અને દેશની બહુમતી તથા લઘુમતીની વચ્ચે ખાઈ ઊભી કરવાની કોશિશ કરવામાં આવી રહી છે." *(ઝિંદગી, નવ ઓગસ્ટ, ઈ.સ. ૨૦૦૧)*

આ લખાણો પરથી તમને અંદાજો થઈ ગયો હશે કે વર્તમાનકાળના હિંદુસ્તાનમાં મુસલમાનોની તા'લીમ તથા ઈતિહાસ અને સંસ્કાર તથા સંસ્કૃતિની ખૂબસૂરત છબી કઈ રીતે કદરૂપી કરવામાં આવી રહી છે અને શિક્ષણ વ્યવસ્થાનું કેસરીયાકરણ કરવાના માટે કેવી કેવી સાઝિશો કામે લગાડવામાં આવી રહી છે. અને આ દીની તથા ઈલ્મી મદ્રસાઓની વિરૂધ્ધ કેવો ધૃણાત્મક રોલ અદા કરવામાં આવી રહ્યો છે. એ એક નિશ્ચિત થઈ ચૂકેલી હકીકત છે કે 'ઈસ્લામી મદ્રસાઓ' હિંદુસ્તાની મુસલમાનોના "દીની અસ્તિત્વ" અને તેમની 'વિશિષ્ટતા'ના અત્યંત મજબૂર પાયા છે. ખુદાનખ્વાસ્તા એ જો ડગમગી ગયા તો દીની શાનો શૌકતનો કિલ્લો ધરાશયી થઈ જશે અને પછી હિંદુસ્તાનમાં સ્પેન તથા ફિલિસ્તીન (પેલેસ્ટાઈન)નો ઈતિહાસ દોહરાવવાથી કોઈ રોકી નથી શકતું. બલ્કે સત્ય એ છે કે અધ્યાહનપણે એનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

## ☆ દેશની પ્રગતિમાં તા'લીમ (શિક્ષણ)નું મહત્વ ☆

હવે જરા થોડીક ક્ષણો રોકાઈને આ દિશામાં પણ વિચારો કે ઈલ્મ (જ્ઞાન) તથા હિકમત, ચિંતન તથા વિદ્યા, કળા તથા કારીગરી દરેક પ્રગતિશીલ દેશ તથા જાતીમાં મહાનતાનું માપદંડ તથા ગર્વનો સબબ રહ્યાં છે. હિંદુસ્તાની મુસલમાનોએ ઈલ્મ તથા હિકમત, સંસ્કૃતિ તથા સંસ્કાર, લેખન કાર્ય, કલા કારીગરી, આર્ટ તથા જમાલિયાત (Aesthetics)ના ક્ષેત્રોમાં અતિશય ગર્વ લેવાને પાત્ર તથા ઐતિહાસિક કારનામાંઓ અંજામ આપ્યાં છે. **જો હિંદુસ્તાની ઈતિહાસમાંથી આ સુનેહરાં કારનામાંઓને હટાવી દેવામાં આવે તો હિંદના ઈતિહાસનો રંગ ફીકો પડી જશે અને ભરપુર ખીલી ઉઠેલો બાગ પાનખરની અવસ્થામાં જોવા મળશે** જેમાં ન કલાની ખૂબસૂરતી તથા કમાલના દ્રશ્યો હશે ન જ્ઞાન તથા વિદ્યાના પાણીદાર મોતીઓ, ન સંશોધન લેખનના કેન્દ્રો હશે અને જમાલયાતી (સૌંદર્યને લગતી) સંસ્કૃતિ તથા સંસ્કારનો તરી આવતો પ્રભાવ હશે. ન હુસ્ન તથા ઈશ્કનો તાજમહલ હશે અને ન હિંદુસ્તાનની શાનો શૌકત દર્શાવતો લાલ કિલ્લો હશે, દર્સગાહો રોનક વિનાની જોવા મળશે અને સાયન્સ તથા ટેક્નોલોજીની ઝુલ્ફો પરેશાન જોવા મળશે.





દેશની રક્ષા માટે શસ્ત્ર સરંજામની ગોઠવણ તથા ઈલ્મ તથા વિદ્યાના વિકાસના માટે ઈદારા (મદ્રસા)ઓની સ્થાપ્ના અને દેશની સરહદો પર વફાદાર સિપાહીઓની હેસિયતથી ત્યાગ તથા કુર્બાનીના જે માત ન થઈ શકે તેવાં નિશાનો છોડયાં છે તે હિંદુસ્તાનના ઈતિહાસનું સોનેરી તથા ભૂલી ન શકાય તેવું પ્રકરણ છે.

એ હકીકતથી કોણ વાકેફ નથી કે દેશની પ્રગતિ સત્યવાદી, ઉચ્ચ કાર્યશૈલી, રાજનૈતિક સમજ તથા જાણકારી અને દેશના માટે નિઃસ્વાર્થ કુર્બાની પર અવલંબિત છે. અને આ તમામ ગુણો તથા ખૂબીઓના માટે નેક તાલીમ તથા કેળવણીનું મહત્વ પ્રથમ સ્થાને છે. નેક તા'લીમ જ નેક વ્યકિતઓને જન્મ આપે છે. અને સારી તા'લીમના માટે સારી દર્સગાહો (તા'લીમ કેન્દ્રો) જરૂરી છે જ્યાં શિક્ષણ કેવળ રોજી કમાવાનો ઝરીયો ન કલ્પવામાં આવતો હોય બલ્કે તા'લીમ વ્યક્તિના ઘડતર અને માનવ સેવાના માટે હોય જ્યાં શિક્ષણના દરેક પાસા અને તા'લીમના દરેક ઍંગલ પર સુસંસ્કાર તથા માનવ સન્માનની સત્તા હોય, જ્યાં શિક્ષણના અભ્યાસક્રમમાં પૂર્વગ્રહ તથા સંકૂચિત દ્રષ્ટિનો કોઈ અવકાશ ન હોય.

આજે તમે પ્રગતિ પામેલા તથા પ્રગતિશીલ દેશોનું નિરિક્ષણ કરી લો, જે લીડરોની નજર દેશ તથા વતનની પ્રગતિ પર હોય છે તે પોતાના દેશના દરેક વ્યક્તિને પ્રગતિ પામેલ જોવા ચાહે છે, દરેક વ્યક્તિને શિક્ષિત જોવા ચાહે છે, દરેક વ્યક્તિને ખુશ હાલ જોવા ચાહે છે, દરેક આંગણામાં સભ્યતા તથા સંબંધોના વહેવારની ચાંદની જોવા ચાહે છે. જ્યારે કે નિષ્ફળ તથા સ્વાર્થી લીડરશીપ કેવળ અંગત ખુશહાલી અને લીડરશીપની સલામતની આસપાસ ભ્રમણ કરતી જોવા મળે છે અને આ પ્રકારના લીડરો પોતાના દેશમાંની આર્થિક પડતી તથા અજ્ઞાનતા અને ગૈરવ્યવસ્થાને એક તમાશો જોનારની જેમ જુએ છે કે જેથી તેમની રોજી રોટી (આર્થિક લાભ) તથા સરદારી જ મજબૂત રહે અને કોઈ બીજો તેમના સમકક્ષ ઉભો રહેવાની હિંમત ન કરી શકે. સંજોગો પર નજર રાખનારાઓ સમક્ષ આ તમામ વાસ્તવિક્તાઓ છુપી નહીં હોય. આ લોકશાહી યુગમાં લીડરશીપના આવા ખયાલે કૌમવાદી ભેદભાવોનો રંગ અપનાવી લીધો છે અને આઝાદી પછીથી મુસલમાનોના આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક પ્રશ્નો સાથે મજાક કરવામાં આવી રહી છે. આ જ તે

સબબો છે જેના કારણે દેશમાં માનવ સન્માન પર આધારિત તા'લીમ તથા કેળવણીની ઉણપ છે. અત્યારે દેશની યુનિવર્સિટીઓ તથા કોલેજોમાં તા'લીમ તથા ઈતિહાસના ભગવાકરણ કરવાની જે સાઝિશ ચાલી રહી છે તે શાણા પુરૂષ સમક્ષ છુપી નથી.

અંગ્રેજી દૈનિક હિંદુ, ૨–મે, ઈ.સ. ૨૦૦૦ આ વાસ્તવિક્તાઓ પરથી પર્દો ઉઠાવતાં લખે છે :–

''હિંદુત્વના એજન્ડાને દેશમાં લાગુ પાડવા અને ભગવા રંગમાં રંગવાના માટે બી. જે. પી. એ સત્તાની મુખ્ય રગોનાં કેન્દ્રો એટલે **શિક્ષણ** તથા **પ્રચાર માધ્યમો** પર કબજો કરી રાખ્યો છે અને એના થકી પોતાના છુપા ઈરાદાઓની હજાર રદિયા છતાં પૂર્ણતા કરી રહી છે અને એના માટે લાંબી મુદ્દતના મનસૂબા બનાવવામાં રાત દિવસ મશગૂલ છે, કે જેથી સત્તા રહે કે ન રહે પણ અમારી વિચારસરણી અહીંની દરેક ચીજમાં ભળી જાય એટલે સુધી કે દેશની અન્ય સાંસ્કૃતિક, ભાષાકિય તથા ધાર્મિક લઘુમતીઓ પર કેસરીયો રંગ ચઢી જાય અને કલચરલ તથા સંસ્કારિક પ્રભાવનો લાંબા સમયથી રચેલો ખ્વાબ પરિપૂર્ણતાએ પહોંચે. જેમ કે આ મકસદના માટે નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), સેંકડરી એજ્યુકેશનલ બોર્ડસ, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન (UGC), ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ (IGNCA), ઈન્ડિયન કાઉન્સિલ ફોર સોશ્યલ સાયન્સ રિસર્ચ(ICSSR) અને ઈન્ડિન કાઉન્સિલ ફોર હિસ્ટોરીક્લ રીસર્ચ (ICHR) જેવી પાયાની મહત્વની સંસ્થાઓમાં એ. જી. રસ્તુગી, બી. આર. ગરદ્વારા અને બી. બી. લાલ જેવા હિંદુત્વના કાર્ય માટે વકફ થયેલા લોકોની ભરતી કરવામાં આવી છે. એમાંથી પ્રથમ ઉલ્લેખ પામેલ (ડો. રસ્તૂગી)એ પોતાની ''અપની આપબીતી'' પુસ્તકમાં વતનના ભાગલાના હંગામાઓમાં એક મુસલમાન સ્ત્રીને કત્લ કરવાના કૃત્યને ગર્વના રૂપમાં ગર્ણન કરેલ છે.''

શિક્ષણના ક્ષેત્રે હિંદુત્વના આ પક્ષપાતી વલણથી તમે સારી રીતે અંદાજો લગાડી શકો છો કે આ દેશના માટે રચનાત્મક પગલાં છે કે બર્બાદીની ભયાનક ચળવળ છે ? શિક્ષણ કોઈ પણ દેશ તથા સમાજ માટે પાયાનું મહત્વ ધરાવે છે, પરંતુ એ સચ્ચાઈનો પણ ઈન્કાર નથી કરવામાં આવી શકતો કે શિક્ષણ જો પોઝિટિવ અને રચનાત્મક પાયાઓ પર સમારવામાં આવે તો તેના પરિણામો બેહતર, ઠોસ, પુખ્તા અને મજબૂત તથા માનવિયતા માટે લાભકારક





સાબિત થાય છે, જ્યારે એથી વિરૂધ્ધ સંજોગોમાં આ માનવ સમાજ તથા દેશ તેમજ વતનના માટે વિનાશકારી સાબિત થાય છે.

ઈબ્ને ખલ્દૂન રાજનીતિ, સામાજવિદ્યા અને શિક્ષણ ક્ષેત્રે ઘણા જ નિષ્ણાત થઈ ગયા છે. આઠમી સદી હિજરીના અંત તથા નવમી સદી હિજરીના પ્રથમ દસકામાં ઈબ્ને ખલ્દૂનની ફિલોસોફીભરી માન્યતાઓ અસ્તિત્વમાં આવી અને તેમણે ઈલ્મ (વિદ્યા)ને ખોરાકની જેમ માનવની પ્રાકૃતિક જરૂરત ઠરાવી. તેમની દ્રષ્ટિએ શિક્ષણનો મૂળ હેતુ હકીકતનો ઈલ્મ તથા મઅરેફતનો ઈલ્મ પ્રાપ્ત કરવું છે. જો કે દુનિયામાં રહેવા માટે દુનિયાવી બાબતો તથા દુનિયાવી ભૌતિક ચીજોનો ઈલ્મ બેહદ જરૂરી છે, પરંતુ વિવિધ પ્રકારોના લાભ વિવિધ રીતના હોય છે. તેમની દ્રષ્ટિએ શિક્ષણ બાબતે ખયાલો બદલાતા રહે છે અને તેનો પાયો ત્રણ મોટી અસરકારક ચીજો પર છે : **(૧)** ધર્મ **(૨)** ભૌગોલિક સ્થિતિ **(૩)** જીવન નિવાહના ઝરીયાની વધઘટ. રાજનીતિની મજબૂતી તથા મહત્વમાં જે બાબતો અસરકર્તા છે તેમાં શિક્ષણ તથા શિક્ષણશૈલી પણ સામેલ છે.

રાજસત્તા માટે રાજનીતિ તથા રાજનીતિનું જ્ઞાન પાયાની જરૂરત છે, એના અનુસંધાનમાં ઈબ્ને ખલ્દૂનના માટે શિક્ષણ એક એવો વિષય છે જે અફલાતૂનથી લઈને આજ સુધી ફિલોસોફરો (તત્વચિંતકો)નો વિષય બનીને રહ્યો છે, તેમનું કેન્દ્ર રાજનીતિ ઢબનું હોય કે કોઈ અન્ય ઢબનું હોય, તેમજ શિક્ષણને રાજકરણમાં જેટલા પ્રમાણમાં મહત્વ ઉપલબ્ધ છે એટલુ હાથોની શક્તિઓને પણ નથી. રાજકરણનો મકસદ કેવળ ભૌગોલિક હદોનો વિસ્તારવા સતત પ્રયત્નશીલ રહેવાનો નથી બલ્કે ખૂદ પોતાની રાજસત્તામાં અધિકથી અધિક ભલાઈને ફેલાવવાનો છે. જે દેશમાં શિક્ષણ વધુ હશે તે દરેક રીતે મજબૂત હશે.

## ☆ ઈસ્લામનું શિક્ષણ બાબતે દ્રષ્ટિબિંદુ ☆

ઈસ્લામ એક વિ□કક્ષાનો સર્વ ક્ષેત્રિય તથા પ્રાકૃતિક ધર્મ છે. વિદ્યા તથા હિકમતનો વિકાસ તથા પ્રગતિ તેનો મૂળ ધ્યેય રહ્યો છે. ઈસ્લામે વિદ્યા પ્રાપ્તિને ઈબાદતનો દરજ્જો આપ્યો છે, બલ્કે નફ્લોમાં મશગૂલ થવા કરતાં બેહતર એ છે કે એક આલિમ પોતાનો ઈલ્મી પ્રવૃત્તિ ચાલુ રાખે. અને ઈલ્મવાળાઓને (જ્ઞાનીઓને) અજ્ઞાન લોકો પર અનેક ગણી મહાનતા અતા કરી છે. ઈસ્લામે શિક્ષણ આપવા લેવાને માલ પ્રાપ્તિ તથા શક્તિ તેમજ સત્તા

પ્રાપ્તિના માટે નહીં પણ વ્યક્તિ તથા જાતીની સુધારણા તથા ભલાઈ તેમજ આખેરતમાં છૂટકારો અને આરામનો ઝરીયો ઠરાવ્યો છે. એટલા માટે ઈસ્લામના ઉલમાએ ખૂનામરકી, જુલ્મ તથા બેરહમી, કોઈને મારવો તથા અન્યાય, આવારા ખયાલી તથા દુર્વ્યવહારની વિરૂધ્ધ હમેશાં જંગ લડી છે. દેશ તથા પબ્લિકને લગતી તબાહી તથા દરેક પ્રકારના આતંકવાદના ખાત્માના માટે હમેશાં સક્રિય તથા પ્રયત્નશીલ રહ્યા છે. આઝાદીની લડતમાં હિંદના આલિમોનો મુજાહિદાના રોલ મારા દા'વાનું એક દ્રષ્ટાંત છે. તે સૌ આલિમો ઈસ્લામી મદ્રસાઓમાં જ તા'લીમ પામેલા હતા. તમે સદીઓ સુધી ફેલાયેલા ઈસ્લામી મદ્રસાઓ પર એક દ્રષ્ટિ નાખો તો હિંદ તથા હિંદ બહાર ઈસ્લામના મૂળભૂત ખયાલો તથા નિયમો ધરાવતી મુસ્લિમ જાતીની એક દર્સગાહ (તાલીમ કેન્દ્ર) પણ એવી નથી દર્શાવી શકાતી કે જ્યાં દેશની સમાજની તબાહી તથા અમાનવિય આતંકવાદના માટે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવી હોય. ઈસ્લામમાં ઈલ્મ, દર્સગાહ તથા ઉલમાએ કિરામ (આલિમો) વિશે ખૂબ જ પવિત્ર તથા ઉચ્ચતમ ખયાલ પ્રવર્તે છે બલ્કે આલિમો અંબિયા (નબીઓ)ના સાચા વારસદારો હોય છે. એ નબીઓના વારસો બાઅમલ આલિમો પાસે કોઈ ખૈર તથા ભલાઈ સિવાયની અપેક્ષા રાખવી અથવા દેશ કે સમાજના વિરૂધ્ધ કોઈ ગુનાહિત પ્રવૃત્તિનો ભય અનુભવવો ખૂબ જ મોટી મજાક છે ! અને એનું દ્રષ્ટાંત બિલકુલ એવું છે જેમ કે કોઈ મીઠા પાણીના ઝરણાથી આગના અંગારાનો ખતરો મેહસૂસ કરવામાં આવે છે. હવે નીચે ઈસ્લામનો તા'લીમ બાબતે ખયાલ, ઈલ્મ તથા ઈલ્મવાળાના ગર્વભર્યા મકામ (પદ)નો અભ્યાસ કરો. સૃષ્ટિનો સર્જનહાર જણાવે છે :–

يَرْفَعُ اللّٰهُ الَّذِينَ اٰمَنُوا مِنْكُم وَالَّذِينَ أُوتُوا العِلمَ دَرَجاتٍ.

''અલ્લાહ તમારા ઈમાનવાળાઓના અને તેમના જેમને ઈલ્મ આપવામાં આવ્યો તેમના દરજ્જા ઉચ્ચ કરશે.''

قل هل يستوى الذين يعلمون والذين لايعلمون انما
يتذكر اولو االالباب.

''તમે કહો, શું સરખા છે ? જાણવાવાળા તથા અજાણ. નસીહત તો તેઓ જ જાણે છે જેઓ બુદ્ધિશાળી છે.''





فَسْئَلُوا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُم لَاتَعْلَمُونَ.

''હે લોકો ! ઈલ્મવાળાઓને પૂછો જો તમે નથી જાણતા.''

ઈસ્લામે ઈલ્મ તથા હિકમત અને ઈલ્મવાળા જ્ઞાનીઓ સાથે જે તા'ઝીમ તથા સન્માનનો વર્તાવ કર્યો છે તેનું માનવ ઈતિહાસમાં દૂર દૂર સુધી દ્રષ્ટાંત નથી મળતું. મુઅલ્લિમે ઈન્સાનિયત (માનવોના કેળવણીકાર) صلی اللہ تعالیٰ علیہ وسلم એ જણાવ્યું;

''જેણે ઈલ્મની શોધ કરી અને હાંસલ કરી લીધો તેને અલ્લાહ તઆલા બમણો સવાબ આપે છે.'' પરંતુ જેણે કેવળ ઈલ્મની તલાશ કરી પણ હાંસલ ન કરી શકયો તે એકગણા સવાબનો હકદાર છે.''

એક અન્ય પ્રસંગે જણાવ્યું કે, ''ઈલ્મ હાંસલ કરવો દરેક પુરૂષ તથા સ્ત્રી પર ફર્ઝ છે.''

ઈસ્લામની દ્રષ્ટિએ ઈલ્મ અતિ પવિત્ર તથા મૂલ્યવાન ચીજ છે. ઈલ્મ દરેક યોગ્ય અયોગ્ય વ્યક્તિને આપીને તેની બેઈજ્જતી ન કરવી જોઈએ. એના બારામાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જણાવે છે :–

عن انس قال رسول الله صلى الله عليه وسلم طلب العلم فريضة على كل مسلم
و واضع العلم عند غير اهله كمقلد الخنازير الجواهر واللؤلؤة
والذهب.

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે ઈલ્મ પ્રાપ્ત કરવો દરેક મુસલમાન પુરૂષ (સ્ત્રી) પર ફર્ઝ છે, અને અયોગ્ય વ્યક્તિને ઈલ્મ શિખવાડનાર એવો છે જેમ કે સુવ્વરોને ઝવેરાત, મોતી અને સોનાના હાર પહેરાવનાર.'' *(ઈબ્ને માજહ, મિશ્કાત)*

ઈસ્લામ ઉચ્ચ ગુણોવાળા, ઉચ્ચ કિરદારવાળા તથા સહીહ અકીદા (માન્યતા)વાળા ઉસ્તાદો પાસેથી દીનનો ઈલ્મ શીખવાને મહત્વ આપે છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم દર્શાવે છે :–

عن ابن سيرين قال ان هذا العلم دين فانظروا عمن تاخذون دينكم

''ઈબ્ને સીરીનથી રિવાયત થયેલ છે કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''આ ઈલ્મે દીન છે તો તેનો લેહાઝ કરો કે તમારો દીન કોની પાસેથી હાંસલ કરી રહ્યા છો ?'' *(મુસ્લિમ તથા મિશ્કાત)*

એક આલિમ (Scholer)નું સ્થાન ઝાહિદ તથા પવિત્ર અને આબિદ તથા રાત્રિ જાગરણ કરી ઈબાદત કરનાર (શબબેદાર) કરતાં પણ ઉચ્ચ છે. હઝરત અબૂ અમામા બાહિલી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સમક્ષ બે પ્રકારના લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો, એક **આબિદ**નો બીજો **આલિમ**નો. તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "આબિદ પર આલિમની ફઝીલત એવી છે જેવી મારી તમારામાંના અદના પર." પછી સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "લોકોને ભલાઈ શીખવાડનાર પર ખુદા તઆલાની રહમત નાઝિલ થાય છે. અને તેના ફરિશ્તા અને જમીન તથા આસ્માનના રહેવાસીઓ એટલે સુધી કે કીડીઓ પોતાનાં દરોમાં અને માછલીઓ પાણીમાં તેના માટે ભલાઈની દુઆ કરે છે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ تعالیٰ عنہما એ ફર્માવ્યું કે, સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم મસ્જિદમાં ગયા તો સહાબીઓના બે ટોળા જોયા. એકમાં ઝિક્ર થઈ રહ્યો હતો અને બીજામાં દીની મસાઈલની તા'લીમ શીખવા શીખવાડવામાં આવી રહી હતી. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બંને ટોળા સારા છે, પણ એ લોકો જેઓ ઈલ્મે દીન શીખે છે અને ઈલ્મ વિહોણાઓને શીખવાડે છે તેઓ અધિક અફઝલ છે. હું પોતે પણ મુઅલ્લિમ (શીખવાડનાર) બનાવીને મોકલવામાં આવ્યો. આમ કહીને આપ ઈલ્મી ટોળામાં શરીક થઈ ગયા.

માનવ જીવનમાં ઈલ્મ (જ્ઞાન)ના મહત્વ પર પ્રકાશ વેરતાં હઝરત ઈમામ ગિઝાલી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે :–

"જે વ્યક્તિ આલિમ ન હોય તેની માનવોમાં ગણત્રી ન કરો કેમ કે ઈલ્મ એની ખૂબી છે જેના કારણે તે અન્ય સજીવ પ્રાણીઓથી વિશિષ્ટ બન્યો છે. ઈન્સાન ઈલ્મની બુઝુર્ગીના કારણે જ ઈન્સાન કહેવાડવાનો હક્કદાર છે. માનવી પોતાની શક્તિના કારણે ઈન્સાન નથી, કેમ કે જાનવર માનવ કરતાં અધિક શક્તિશાળી છે. ન પોતાની વિશાળ બોડીના કારણે ઈન્સાન છે કેમ કે હાથી એનાથી પણ વિશાળ છે. ન પોતાની બહાદુરીના કારણે ઈન્સાન છે કેમ કે ફાડી ખાનાર જાનવરો એનાથીયે વિશેષ બહાદુર છે. ન અધિક ખાવાને કારણે, કેમ કે ઊંટનું પેટ એનાથીયે મોટુ છે. અને ન પોતાની જમાઅત (સંખ્યા)ના કારણે, કેમ કે અદના કક્ષાની ચકલીઓ એનાથીયે વધીને છે. હા ! જો ઈન્સાનને અન્ય જાનવરો કરતાં વિશિષ્ટતા મળી છે તો તે ઈલ્મના આધારે મળી છે."

માનવ જગતમાં ઈલ્મો તથા વિદ્યાઓ એટલા અધિક પ્રમાણમાં





જોવા મળે છે કે એક માનવી પોતાની ટૂંકી જિંદગીમાં તમામ વિદ્યાઓને હાંસલ નથી કરી શકતો. એટલા માટે ઈસ્લામનો લાભદાયી ખયાલ (થિયરી)એ છે કે ઈલ્મો (વિદ્યાઓ)ને હાંસલ કરવામાં આવે જે એની ધાર્મિક જિંદગીના માટે અધિક લાભદાયી હોય અને જો સમય સાથ આપે તો અન્ય ઈલ્મો માલૂમાત પ્રાપ્ત કરવાના હેતુથી હાંસલ કરી શકે છે. એટલા માટે કોર્સમાં તે ઈલ્મો દાખલ કરવામાં આવે છે જે દીન તથા દુનિયામાં લાભદાયી હોય, દીન સમજવામાં સહાયરૂપ થાય. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : **نعوذ بالله من لاينفع** "હું એવા ઈલ્મથી અલ્લાહની પનાહ માંગુ છું જે નફો ન આપે." *(ઈબ્ને માજહ)*

જે ઈલ્મો કેવળ દુનિયવી હેતુઓ માટે લાભકારક હોય તેનું શિક્ષણ પણ જાઈઝ છે, શરત એ કે તે શરીઅત વિરૂધ્ધના ખયાલોથી પાક હોય. એના બારામાં પ્રાચીન ઈલ્મો કે અર્વાચીન ઈલ્મોમાં કોઈ ફરક નથી, જાઈઝ હોવા ન હોવાનો આધાર એ જ લાભકારકતા છે. કેટલાક શિક્ષણના નિષ્ણાતોએ અમુક વિદ્યાઓને પસંદીદા તથા અમુકને ત્યજવા યોગ્ય કહી છે એનું મૂળ કારણ એ છે કે તમામ ઈલ્મો ઈલ્મ હોવાની હેસિયતથી પસંદીદા છે પરંતુ તેમનો સંબંધ એને પસંદીદા કે મરદૂદ (ત્યજવા યોગ્ય) બનાવી દે છે. જેમ કે દૌલત પોતે તો સારી છે પણ તેનો સંબંધ તેને સારી કે બુરીમાં વહેંચી કાઢે છે. એટલા માટે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ યુનાની ફિલોસોફીને હરામ અને ઈસ્લામના માટે નુકસાનકર્તા ઠરાવી છે, અને તેમાં ખોવાયેલા રહેનારાને જાહિલ, અત્યંત મૂર્ખ બલ્કે એનાથીયે વિશેષનો હક્કદાર કહ્યો. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧૦, પેજ–૧૮)*

હા ! તે ઈલ્મ જે દીનના માટે નુકસાનકારક ન હોય તેને પ્રાપ્ત કરવામાં કાંઈ વાંધો નથી. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ઈલ્મ પ્રાપ્તિના ઈસ્લામી દ્રષ્ટિ બિંદુની સ્પષ્ટતા કરતાં લખે છે :–

"ઈલ્મે દીન શીખવો એ રીતે કે હક્ક મઝહબથી માહિતગાર હોય, વુઝૂ, ગુસ્લ, નમાઝ, રોઝા વગેરે જરૂરિયાતના હુકમોથી માહિતગાર હોય, વેપારી વેપારના, ખેડૂત ખેતીના, મજૂર ઈજારાના મતલબ કે **દરેક વ્યક્તિ જે સંજોગોમાં છે તેના સંબંધી** શરીઅતના હુકમોથી વાકેફ હોય એ **ફર્ઝે અયન** છે. જ્યાં સુધી એ હાંસલ ન કરે ત્યાં સુધી ભૂગોળ, ઈતિહાસ વગેરેમાં સમય વેડફવો જાઈઝ નથી. હદીષમાં છે :–

**طلب العلم فريضة على كل مسلم و مسلمة**

"જે ફર્ઝ છોડીને નફ્લમાં મશ્ગૂલ થયો તેની સખત બુરાઈ અને તેનું નેક કામ મરદૂદ (અસ્વીકાર્ય) ઠર્યું."

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ આગળ ફર્માવે છે :–

"અને એ જરૂરતોથી પરવાર્યા પછી પૂરો ઈલ્મે દીન, ફિકહ, હદીષ, તફસીર, અરબી ભાષા, તેની સરફ તથા નહ્‌વ, મઆની, બયાન, લુગત, અદબ વગેરે દીની ઈલ્મનાં માધ્યમોને માધ્યમો રૂપે શીખવા શીખવવા ફર્ઝે કિફાયહ્‌ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :

**فلو لا نفر من كل فرقة منهم طائفة ليتفقهوا في الدين،**

આ જ ઈલ્મો ઈલ્મે દીન છે અને એના જ પઢવા પઢાવવામાં સવાબ છે અને એના સિવાય કોઈ વિદ્યા કે ભાષા કાંઈ સવાબ ધરાવતી નથી. હા ! જે વ્યક્તિ જણાવેલ જરૂરિયાતે દીનથી પરવારીને ભૂમિતિ, અંકગણિત, જમીન સર્વે, ભૂગોળ વગેરે વિદ્યાઓનો અભ્યાસ કરે જેમાં કોઈ શરીઅત વિરૂધ્ધની બાબત નથી તો એક મુબાહ (ન સવાબ ન ગુનો) કામ થશે, જ્યારે કે એના લીધે કોઈ શરીઅતના વાજિબ કરેલ કામમાં ખલેલ ન પડે, નહીં તો (ફારસીનો અર્થ) :– તે દલીલોની અસ્લને ખત્મ કરી દેવી જોઈએ જે દુનિયાના વાસ્તે દીનને તેના સ્થાને રાખે." *(ફતવાએ રઝવિય્યહ્‌, ભાગ–૧૦, પેજ–૧૦૭, ૧૦૮)*

શિક્ષણ બાબતે ઈસ્લામી ખયાલ સંબંધિત ઉપરોક્ત ચર્ચાથી તમને અંદાઝો થઈ ચૂકયો હશે કે ઈસ્લામના તા'લીમ (શિક્ષણ) સંબંધી ખયાલનો મૂળ ધ્યેય દીની દ્રષ્ટિ, ઈસ્લામી હુકમોનું અનુસરણ અને માનવિય તથા સંસ્કારિક સ્તરનો વિકાસ છે. **એમાં બુરાઈ તથા ઝઘડો, કત્લ તથા ખૂનરેજી અને "ઉગ્રવાદ" તથા "આતંકવાદ"ની તા'લીમ તથા કેળવણીની કલ્પના પણ નથી કરવામાં આવી શકતી.** જ્યારે અહીં ખેલકૂદ (મનોરંજન) તથા બિનલાભકારી ઈલ્મો (વિદ્યાઓ)ને અવકાશ નથી તો પછી માનવિયતા તથા સમાજના માટે અત્યંત ખતરનાક તથા નુકસાનકર્તા ઈલ્મો અને તેની કેળવણી તથા તેની વ્યવસ્થાને અવકાશ ક્યાંથી હોય ! બલ્કે સત્ય વાત એ છે કે ઈસ્લામે જ નુકસાનકર્તા ઈલ્મો તથા વિદ્યાઓ તેમજ ઈલ્મના ગલત તથા નુકસાનકર્તા ઉપયોગ પર બ્રેક લગાડી અને દુનિયાને ઈલ્મ તથા હિકમતની લાભદાયી થિયરીથી માહિતગાર કરી.





## ☆ ઈસ્લામ પહેલાં ઈલ્મની કફોડી હાલત ☆

ઈસ્લામના આગમનથી સદીઓ પહેલાંથી દુનિયા સામાન્યતઃ ઈલ્મ તથા વિદ્યા તેમજ સંસ્કાર તથા પરખના જ્ઞાનની પધ્ધતિસરની પ્રાપ્તિ તથા વિકાસથી વંચિત હતી. અમુક સંસ્કારી કૌમો પોત પોતાના વર્તુળોમાં ઈલ્મો તથા વિદ્યાઓના માર્ગો નિશ્ચિત કરતી રહી છે. જે દેશમાં કાંઈક અંશે ઈલ્મની રોશની જોવા મળતી હતી એમાં ચીન, હિંદુસ્તાન, બાબિલ, અશોર્યા, યૂનાન અને રુમાનાં નામો લઈ શકાય છે. પરંતુ સત્ય એ છે કે યૂનાનના સિવાય અન્ય દેશોનાં નામ માત્રના ઈલ્મોને "ઈલ્મ" જેવા પવિત્ર નામથી સંબોધવું એ ઈલ્મની સાથે નાઈન્સાફી ગણાશે. અશૂર્યા તથા મિસરની વિદ્યાઓ તો વહેમ તથા જાદૂનો સમૂહ હતી. ચીન તથા હિંદુસ્તાન સદીઓ સુધી ચમત્કારોમાં સપડાયેલ રહ્યાં. ચીને સંસ્કારિક્તા અને હિંદુસ્તાને એલાહીયાતમાં (તે ઈલ્મ જેમાં ખુદાના વજૂદ તથા જાત તથા ખૂબીઓ પર ચર્ચા કરવામાં આવે તે) નિષ્ફળ પ્રગતિ કરી અને રુમા કેવળ વિજયોના ચક્કરમાં ઉલઝેલુ રહ્યું. યૂનાન એક એવો દેશ હતો જેણે ઈલ્મના ક્ષેત્રે મોટા મોટા તત્વચિંતકો અને ફિલોસોફરો પેદા કર્યા અને કેટલીયે સદીઓ સુધી બૌદ્ધિક વિદ્યાઓનું મૂળ રહ્યું, પરંતુ અખ્લાકી (સંસ્કારિક) તથા રૂહાની (આધ્યાત્મિક) કક્ષાના (ઈલ્મથી) વંચિત હતું. યૂનાની વિદ્યાઓનો પાયો ભૌતિકતા પર હતો, તે ઈન્સાનિયતને રૂહાનિયતની અનુભૂતિથી દૂર કરી દેતી હતી. યૂનાની ઈલ્મોના કેન્દ્રએ સુકરાત જેવા મહાન ફિલોસોફરો તો પેદા કર્યા પણ તેની સંસ્કૃતિ તથા સમાજે ચિંતનની આઝાદી ન હોવાના કારણે સુકરાતને ઝેરનો પ્યાલો પીવા માટે મજબૂર કરી દીધો. અફલાતૂન અમુક ખાસ શાગિર્દોના ગૃપ કરતાં આગળ ન વધી શક્યો, ઈસ્કસિલને સંગસાર કરી દેવામાં (પથ્થરો વડે મારી નાખવામાં આવ્યો), અરસ્તૂ કેવળ એટલા ખાતર વતન છોડવા માટે મજબૂર બન્યો કે તેની વિદ્યાઓ તેના વતનવાસીઓના પ્રપંચને તોડવામાં કામયાબ ન થઈ શકી.

યૂરોપ તથા અન્ય દેશોએ મસીહિય્યતના વિકાસની સાથે ઈલ્મો તથા વિદ્યાઓ પર લગામ નાખવાની કોશિશ કરી પરંતુ કલીસાની વ્યવસ્થા પધ્ધતિએ ઈલ્મની ખાના ખરાબી કરી નાખી. યૂનાની ઈલ્મોના ખજાનાઓ મસીહી પૂર્વગ્રહના શિકાર બનીને રહી ગયા. ઈસ્કન્દરિયાની સાત લાખ કિતાબોનો ખજાનો કેવળ એટલા માટે આગને ભેટ ચઢાવી દેવામાં આવ્યો કે તેમની દ્રષ્ટિએ એ કુફ્ર તથા અધર્મતાનો ખજાનો હતો. ઈલ્મવાળાઓને નગ્ન કરીને શહેરની

બહાર કાઢવામાં આવતા હતા અને પરિણામ એ આવ્યું કે મસીહી ઈલ્મ તથા કમાલવાળા જે જે સ્થળે પસાર થયા તેઓ ઈલ્મ તથા વિદ્યાના ખજાનાઓને તબાહ કરતા ગયા. ઈસ્લામથી પહેલાં અરબી વિદ્યાઓની એ સ્થિતિ હતી કે એક કિતાબ પણ અરબના માહિરો પાસે ન હતી. શાયરીના ખજાનાઓ સીના બ સીના મેહફૂઝ તથા એકબીજામાં તબદીલ થતા રહેતા હતા.

## ☆ અને ઈલ્મના નૂરથી વિ□ ઝગમગી ઉઠયું ! ☆

ઈસ્લમી ઈલ્મોનો પ્રારંભ ઉમ્મી લકબધારી, મદની તાજદારનો એહસાનમંદ છે જેમના પર ગારે હિરા (હિરા ગુફા)માં પ્રથમ વહી ''ઈકરાઅ્''થી ઉતરી. શરૂઆતના સહાબીઓમાં કેવળ બે સહાબીઓ એવા હતા જેઓ લખતાં વાંચતાં જાણતા હતા. માનવિય દુનિયાનો તે પ્રથમ વિજયી મુઅલ્લિમ (જ્ઞાન આપનાર) હતો જેણે જંગે બદરના કેદીઓને ફિદિયાની અદાયગી મુસલમાનોને લખવાનું શિક્ષણ આપવું ઠરાવ્યું. કેટલાક સહાબીઓ સુફ્ફા પર બેસીને ઈલ્મ તથા કિતાબની પ્રતિ આગળ વધ્યા અને ઈલ્મો તથા હિકમતના સુલ્તાનો બનીને ઉઠયા. એ મકતબ (મદ્રસા)ની કરામત તથા રસૂલની નિગાહનો ફયૂઝાન (લાભ) હતો કે સુફ્ફાની દર્સગાહ (તા'લીમ કેન્દ્ર) આખી દુનિયાના માટે એક યુનિવર્સિટી બની ગયું અને તેનાં ઈલ્મી તથા અખ્લાકી (સંસ્કારિક) કિરણો વડે માનવ વિ□નો ખૂણે ખૂણો ઝગમગી ઉઠયો.

આ વાસ્તવિકતાનો સ્વીકાર ગૈર મુસ્લિમ તત્વચિંતકો તથા ઈતિહાસકારોએ પણ કર્યો છે. અમેરિકી ડ્રેપરની કિતાબ ''મઝહબ તથા સાયન્સનો ટકરાવ''નું એક લખાણ નીચે વાંચો :–

''નબી ﷺ ના ઈન્તેકાલને હજી એક સદી પણ ગુજરી ન હતી એવામાં યૂનાનની વિદ્યામય કિતાબો અરબી ભાષામાં તબદીલ થવા લાગી. મન્સૂરે પોતાના ખિલાફતકાળ (ઈ.સ. ૭૫૩–૭૭૫)માં બગદાદને ''સૌથી અધિક સુંદર શહેર'' બનાવી દીધું. તે ખૂદ ખગોળશાસ્ત્રનો અભ્યાસ કરતો હતો, ડોકટરી તથા કાયદાના મદ્રસા (સ્કૂલો) સ્થાપ્વામાં આવ્યા. હારૂન રશીદના હુકમથી અબ્બાસી સલ્તનતની દરેક મસ્જિદની સાથે એક મકતબ (મદ્રસો) સ્થાપવામાં આવ્યો. મામૂન રશીદની ખિલાફતનો કાળ તો એશિયાના માટે ઈલ્મો તથા વિદ્યાઓનો સેંકડો ગર્વ લેવા જેવો સરમાયો માનવામાં આવતો હતો. મામૂન રશીદે બગદાદને વિજ્ઞાનનું કેન્દ્ર બનાવી દીધું. અઝીમુશ્શાન





લાયબ્રેરીઓ સ્થાપી અને પોતાના દરબારને આલિમો તથા ફાઝિલોથી ઝગમગતો કર્યો.

જ્યારે અરબી સત્તા ત્રણ ભાગોમાં વહેંચાઈ ગઈ તો પણ ઈલ્મ તથા હિકમતની પ્રસિદ્ધિમાં કોઈ ફરક ન આવ્યો. બની અબ્બાસ એશિયામાં, બનૂ ફાતમ મિસરમાં અને બનૂ ઉમૈયા ઉન્દલુસમાં ઈલ્મ તથા હિકમતના દરિયા વહાવતા રહ્યા. શેઅર તથા અદબમાં અરબોનો એ દા'વો ખરેખર સાચો છે કે આખી સૃષ્ટિમાં એટલા શાયરો પેદા નથી થયા જેટલા અરબી ભાષામાં થયા. વિજ્ઞાનમાં તેઓ કેવળ યૂનાની હકીમોની પયરવી (અનુસરણ) ન કરતા હતા બલ્કે ઈસ્કન્દરિયાના ઈલ્મોથી પણ લાભાવિંત થતા રહેતા હતા. તેઓ વિજ્ઞાનની પ્રગતિને શાઈરીની પ્રગતિથી તદ્દન વિરૂધ્ધ હકીકતો પર પરખતા હતા. તેઓ ફિતરતના સહીફાનો પ્રત્યક્ષ અનુભવ કરતા હતા, હિકમતની દ્રષ્ટિ કરતાં અમલી હિકમત પર અમલ કરતા હતા. તેઓ પોતાના ઈલ્મનો પાયો અનુભવો તથા તજરબાઓ પર રાખતા હતા. ભૂમિતિ, ગણિતશાસ્ત્રને દલીલોના હથિયાર સમજતા હતા. બેકટેરીઓલોજી, વિનિમય તથા અર્થશાસ્ત્ર પર અતિશય પ્રમાણમાં કિતાબો લખી અને તેમના અનુભવોથી યૂરોપ તથા અમેરિકાની લેબોરેટરીઓના નિષ્ણાતો ફાયદો ઉઠાવતા.

તેઓ કીમિયાના વિષયના સંશોધક હતા. ટપકવાનાં, ટોચે જમાવવાના, પીગળાવવાના વૈજ્ઞાનિક સાધનોની શોધ કરતા ગયા. તેમણે ખગોળ શાસ્ત્રનાં જે સાધનોની શોધ કરી તે વર્તમાન પ્રગતિશીલ દેશોના માટે દીવાદાંડી સમાન બન્યા. ઉસ્ત્રલોબ (એક યંત્ર જેના વડે તારાઓની ઊંચાઈ, સ્થાન અને ગતિ માપવામાં આવે છે) લુબ્ના એ જ મુસલમાન વૈજ્ઞાનિકોની શોધ છે. **Chemical equilibrium** ને દુનિયા પહેલાં ક્યાં જાણતી હતી ? બગદાદ, ઉન્દલુસ અને સમરકંદનાં વજનોનાં ત્રાજવાં અને ખગોળશાસ્ત્રના નકશા વિ□ભરના માટે માર્ગદર્શક સાબિત થતા હતા. ભૂમિતિ, ગણિત તથા આંકડાશાસ્ત્રમાં નવા નવા નિયમો ઘડયા.'' *(સંક્ષિપ્ત નિચોડ બહવાલા : ઉલમાએ અહલે સુન્નત–લાહોર, પેજ–૧૦, ૧૧)*

## ☆ પ્રારંભિક ઈસ્લામી મદ્રસાઓ ☆

સૌ પ્રથમ કાયદેસરનો મદ્રસો ''બયહકિય્યહ્'' નામથી નીશાપૂરમાં સ્થપાયો, જ્યારે કે સામાન્યતઃ મશહૂર એ છે કે સૌથી પહેલો મદ્રસો બગદાદનો

નિઝામિયા હતો. ઈબ્ને ખલ્કાને પણ એ જ દા'વો કર્યો છે. પરંતુ હકીકત એ છે કે આ ગર્વ બગદાદને બદલે નીશાપુરને પ્રાપ્ય છે. બગદાદનો નિઝામિયા હજી અસ્તિત્વમાં પણ ન આવ્યો હતો કે નીશાપુરમાં મોટા મોટા દારુલ ઉલૂમ સ્થાપિત થઈ ચૂકયા હતા. ઉપર જણાવ્યાનુસાર એક બયહકિય્યહ, બીજો સઅદિય્યહ, ત્રીજો નસરિય્યહ જેને સુલ્તાન મહમૂદના ભાઈ નસ્ર ઈબ્ને સબ્કતગીને સ્થાપ્યો હતો. એના સિવાય અન્ય પણ મદરસા હતા જેનો સરતાજ નિઝામિયા નીશાપૂર હતો. અલ્લામા તકીઉદ્દીન મકરેઝી (વિસાલ : હિ.સ. ૮૪૫) મદ્રસાઓના ઈતિહાસ પર પ્રકાશ વેરતાં લખે છે :–

"ઈસ્લામમાં કાયદેસર રીતે મદ્રસાઓની શરૂઆત તો સહાબીઓના દૌરમાં થઈ ન તાબઈનના દૌરમાં. આ ક્રમ ચોથી સદી હિજરીના બાદ શરૂ થયો અને સૌથી પ્રથમ મદ્રસો "અલ્ મદ્રસતુલ્ બયહકિય્યહ" નીશાપૂરમાં સ્થાપિત થયો." *(મકરેઝી, ભાગ–૨, પેજ–૩૬૩)*

એના પછી ઈસ્લામી દેશોમાં મદ્રસાઓની સ્થાપ્નાનો એક લાંબો ક્રમ શરૂ થઈ ગયો. મદ્રસા ફાઝિલિયહ્–કાહિરા, હિ.સ. ૫૮૦ માં સ્થાપિત થયો. મદ્રસા નાસિરિય્યહ, હિ.સ. ૭૦૩ માં સ્થાપિત થયો. મદ્રસા ફારસિય્યહ–કાહિરા, હિ.સ. ૭૫૬ માં સ્થપાયો. મદ્રસા મલકિય્યહ મશહદ ચિશ્તી–કાહિરા, મદ્રસા અકબગાદિય્યહ–કાહિરામાં હિ.સ. ૭૩૪ માં સ્થપાયો. દારુલ હદીષ નૂરિય્યહ–દમિશ્કમાં સ્થપાયો. મદ્રસા નિઝામિયા શામ, દમિશ્કમાં હિ.સ. ૫૭૪માં સ્થપાયો. અલ મદ્રસતુલ અઝીઝિય્યહ હિ. સ. ૫૧૯ માં સ્થપાયો. તે ઉપરાંત મદ્રસતુલ કુતબિય્યહ, મદ્રસા અશરફિય્યહ તુર્કીમાં, મદ્રસા ઈસ્લામિય્યહ્, મદ્રસા નૂરિય્યહ્, મદ્રસા ગઝાલિય્યહ્ દમિશ્કમાં, મદ્રસા મુજાહિદિય્યહ્, મદ્રસા અમજદિય્યહ્–મિસરમાં, મદ્રસા મુસ્તનસરિય્યહ્ બગદાદમાં, મદ્રસા તન્કીઝય્યહ્ કુદસમાં, મદ્રસા સૈરિયહ્–મિસરમાં, મદ્રસા અતાબકિયહ્–દમિશ્કમાં, દારુલ હદીષુલ અશરફિયા મિસરમાં વગેરે. આ અહલે સુન્નત વ જમાઅતના તે મહત્વના મદ્રસાઓ છે જેમણે ઈલ્મો તથા વિદ્યાઓના પ્રચાર પ્રસાર અને નબવી ઈલ્મોના તાલિબો (પિપાસુઓ)ની તા'લીમ તથા કેળવણીનાં મહામૂલાં અને ઐતિહાસિક કારનામાંઓ અંજામ આપ્યાં. અને લાખોલાખ ઈલ્મ તથા કમાલવાળા ઉલમા તથા મશાઈખ અને ઈલ્મો તથા વિદ્યાઓના નિષ્ણાત પેદા કર્યા, જેમની સોનેરી સેવાઓથી ઈસ્લામી ઈલ્મોની ઉચ્ચ કક્ષા આખા વિ□માં સ્થાપિત થઈ ગઈ.





વો લુકમાન વો સુકરાતકે દર મકનૂં
વો અસ્રારે બુકરાતો દર્સે ફલાતૂન

અરસ્તૂકી તા'લીમ સોલનકે કાનૂન
પળે થે કિસી કબ્રે કોહનામેં મદફૂન

યહીં આકે મોહરે સુકૂત ઉન્કી ટૂટી
ઈસે બાગે રઅનાસે બૂ ઉન્કી ફૂટી

## ☆ હિંદુસ્તાનમાં ઈસ્લામી મદ્રસાઓનો પ્રારંભ ☆

હિંદુસ્તાનમાં ઈસ્લામ ઈલ્મ તથા વ્યાપારની સાથમાં પ્રદર્શિત થયો. પ્રારંભમાં બાકાયદા મદ્રસાની સ્થાપ્ના નથી થઈ પરંતુ ઈલ્મ તથા તહકીક (સંશોધન) અને દર્સ તથા તદરીસ (**Teachings**)નો ક્રમ ઈસ્લામની શરૂઆતથી જ ચાલુ રહ્યો. સામાન્યતઃ ઈલ્મ તથા વિદ્યા આપનાર (**Teachers**) વ્યક્તિગત રીતે પોત પોતાનાં તા'લીમ કેન્દ્રો લગાડતા અને ઈલ્મ પિપાસુઓ જ્ઞાનના ચાહક પરવાનાઓની જેમ તેમની આસપાસ ભીડભાડ કરતા. મસ્જિદો, મકબરાઓ, ખાનકાહો એ રીતે બાંધવામાં આવતી હતી કે તેમાં શિક્ષણ આપવાની મેહફિલો સજાવી શકાય. ઈલ્મ તથા તકવાવાળા (ખુદાનો ડર રાખનાર) પોત પોતાની ખાનકાહોમાં તા'લીમની સાથે સાથે નફ્સની પવિત્રતાની પણ કેળવણી આપતા. આ ગૈર રસ્મી દર્સગાહો (તા'લીમ કેન્દ્રો)એથી મહાન મહાન તરીકતવાળા, ઈલ્મવાળા અને તત્વચિંતકો પેદા થયા જેમની ઈલ્મી ઉચ્ચતાઓ, જેમની ફિલોસોફિકલ તીવ્ર દષ્ટિઓ, જેમની માનવ સન્માનની ભાવનાઓ અને સંસ્કારિક ઉચ્ચતાઓએ હિંદની માટીને ચાંદ તારા માટે રશ્કનો સામાન બનાવી દીધી અને માનવિય દુનિયા તેના ઈલ્મી તથા વિદ્યામય શોરથી ગુંજી ઉઠી. એ દૌરોના ઉલમાએ કેબાર (મહાન આલિમો)ની તા'લીમ તથા કેળવણીની પધ્ધતિ અને દેશની સુધારણા તથા પ્રગતિમાં તેમની આશ્ચર્યજનક અસરો પર વિસ્તારપૂર્વક રોશની ફેંકવાની હાલ ગુંજાઈશ નથી. મુહમ્મદમિયાંના કથનાનુસાર "હિંદુસ્તાનમાં મુસ્લિમ સત્તાની સફરની શરૂઆત હિ.સ. ૮૫ થી લઈને ઉચ્ચતાના શિખરે સુધી પહોંચતાં હિ.સ. ૧૧૧૮ ઈ.સ. ૧૭૦૫ સુધી એક હજાર વરસથી વિશેષ અરસાનું દ્રષ્ટાંત ગંગા જમનાની તે લહેરની જેમ છે જે પોતાના સ્થાનેથી તેજ ગતિએ ચાલીને આગલા દરેક કદમ પર તેજ ધારાઓમાં ફેલાતી લહેરાતી વળખાતી (વલયો જેમ) નજીક તથા

દૂરના દરેક વિસ્તારમાં છવાઈ ગઈ હોય.''

હિંદુસ્તાનમાં રિવાજ પામેલ મદ્રસાઓની સ્થાપ્ના મહમૂદ ગઝનવીના દૌરથી થઈ. આ બાદશાહ પોતે જ્ઞાન પ્રેમી તથા આલિમોનો ચાહક હતો, તેનો દરબાર ઈલ્મના કમાલવાળા શખ્સોથી ભરેલો રહેતો હતો. ઉલ્માએ કિરામની સોહબતથી તેના દિલમાં મદ્રસાઓ તથા મસ્જિદોનાં બાંધકામનો શોખ પેદા થયો. હિ.સ. ૪૦૯ માં કનોજની જીતથી પાછા ફર્યા બાદ મસ્જિદ તથા મદ્રસાનો પાયો નાખ્યો. 'તારીખે ફરિશ્તા'ની રિવાયતના પ્રમાણે મહમૂદ ગઝનવીએ મસ્જિદને એટલી હસીન બનાવી હતી કે તે મસ્જિદને ''ઉરૂસે ફલક'' (આભની દુલ્હન) કહેવામાં આવવા લાગ્યું અને તે જ મસ્જિદના કિનારે એક મદ્રસો સ્થાપ્યો હતો જેમાં તા'લીમ તથા તર્બિયત (કેળવણી)ની પધ્ધતિસરના ઉમદા તથા દુર્લભની કિતાબોના નુસ્ખા પૂરા પાડયા હતા. ત્યારબાદ સલ્તનતના અમીરો, વઝીરોમાંથી દરેક મસ્જિદો, મદ્રસાઓ અને સિફારતખાના (અમલદારો, સફીરોની ઓફીસો)નાં બાંધકામમાં હિસ્સો લીધો.

સુલ્તાન મહમૂદ પછી તેમનો પુત્ર શહાબુદીન સઊદ સત્તાના તખ્ત પર બેઠો તેણે પોતાના પિતાના ડગલે ચાલીને પોતાની સત્તાની હદોમાં ઘણા બધા મદ્રસાઓની સ્થાપ્ના કરી. 'તારીખે ફરિશ્તા'ના પ્રમાણે જેની ગણત્રી દર્શાવવા જીભ આજિઝ છે.

''તેની સલ્તનતની શરૂઆતમાં તેની સત્તા હેઠળ ઘણા બધા મદ્રસા તથા મસ્જિદોનો પાયો રાખવામાં આવ્યો કે જીભ તેની સંખ્યાને વર્ણન કરવાથી લાચાર છે.''

ઈબ્રાહીમ ગઝનવીના સત્તાકાળ (ઈ.સ. ૧૦૫૯–૧૦૯૮)માં લાહોર ઈલ્મી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયું હતું અને ઉર્ફે આમમાં ઈલ્મ તથા વિદ્યાનું મહાન મર્કઝ (કેન્દ્ર) હતું. ઈબ્રાહીમનો એક વઝીર (પ્રધાન) અબૂ નસ્ર ફારસી જે સાહિત્યિક (અદબી) દિલચસ્પીઓના કારણે અદીબ (સાહિત્યકાર) તરીકે મશહૂર છે. તે ઈલ્મો ફઝ્લનો મુરબ્બી હતો. તેણે લાહોરમાં એક ખાનકાહ સ્થાપી જે ઈલ્મવાળાઓ તથા બુઝુર્ગોની શરણની જગ્યા હતી અને ક્રમે ક્રમે લાહોર બલ્ખ, બુખારા તથા અન્ય દેશોથી ઈલ્મવાળાઓ ખેંચાઈ ખેંચાઈને આવવા લાગ્યા 'તારીખે સલાતીને આલે ગઝની''નો લેખક લખે છે :–

''અને ટોળે ટોળાં ઈલ્મ પિપાસુઓ હિંદ, કાશગર, મઆવરાઉન્નહર, બુખારા, ખુરાસાન, ગઝની વગેરે વગેરે લાહોરમાં





આવવા શરૂ થઈ ગયા.'' *(આબે કૌષર–૬૫)*

ગઝનવીઓના અંતિમ દૌરમાં હઝરત મખ્દૂમ અલહિજવૈરી અબુલ હસન દાતાગંજ બખ્શ رحمۃ اللہ علیہ એ લાહોરને ઈલ્મો ફઝલ (વિદ્યા)નું કેન્દ્ર બનાવ્યું. આપે આપની મસ્જિદને ઈસ્લામી ઈલ્મોની એક વિશિષ્ટ દર્સગાહમાં ફેરવી કાઢી. ગઝનવીઓના અંતિમ દૌરમાં મુલ્તાનને પણ ઈલ્મી તથા સાહિત્યક મર્કઝિયત હાંસલ હતી. હઝરત દાતા ગંજબક્ષ પછી ગૌરીઓના જમાનામાં હઝરત સૈયદ અઝીઝુદ્દીન (જેઓ પીર મક્કીથી ઓળખાય છે) رحمۃ اللہ علیہ એ લાહોરમાં ઈલ્મની મશાલોને રોશન કરી. તૈમૂરીઓનો જમાનો અસલમાં લાહોરમાં ઈલ્મો વિદ્યાઓના ફેલાવાનો સુવર્ણયુગ હતો. તે જમાનાના લાહોરને બગદાદ, કુર્તબા અને શીરાઝનું બરોબરીયું કહેવામાં આવી શકે છે.

જ્યારે સુલ્તાન કુત્બુદ્દીન ઐબકે દિલ્હીને જીત્યું અને તેને પોતાના હિંદના તમામ કબજે કરલા પ્રદેશોનું પાટનગર ઠરાવ્યું, તો એ શહેર પણ ઈસ્લામી ઈલ્મોનું એક મહાન મર્કઝ બની ગયું. કુતુબ ઐબકના જમાનામાં જ અહીં મદ્રસાઓની ભાળ મળે છે, પરંતું અફસોસ ! તે મદ્રસાઓનાં નામ તથા સ્થિતિ બાબતે ઈતિહાસે મૌન ધારણ કરેલું છે. અલ્તમશના દૌરમાં બે ઉચ્ચ કક્ષાના મદ્રસાઓ ''મઅઝિય્યહ્'' તથા ''નાસિરિય્યહ્''ના નામે મળે છે. કુત્બુદ્દીન ઐબકની સલ્તનતના દૌરમાં દૂર દૂરના વિસ્તારોમાં મદ્રસાઓની સ્થાપ્નાની માહિતી મળે છે. ઈતિહાસકારો લખે છે કે જ્યારે સુલ્તાન મહમૂદ ગઝનવીના મશહૂર સેનાપતિ બખ્તિયાર ખિલજીએ બંગાળ અને બિહાર સર કર્યું તો તેણે ''રંગપૂર''ના નામથી એક શહરે વસાવ્યું. ત્યારબાદ બખ્તિયારે તે શહેરમાં તથા અન્ય શહેરોમાં મદ્રસાઓ સ્થાપિત કર્યા. કુત્બુદ્દીનની ઈલ્મનવાઝીના સબબે કેટલાયે ઉચ્ચ કોટીના લેખકો હિંદુસ્તાન આવી ગયા હતા, પરંતુ સુલ્તાન શમ્સુદ્દીન અલ્તમશના જમાનામાં ઉલમા તથા કલમકારોની અંજુમન અધિક પુર રોનક તથા વિશાળ બની ગઈ હતી. અલ્તમશે ન કેવળ હિંદ બહારના ઉલમાની કદરદાની કરી બલ્કે હિંદ બહારથી ઘણી મહત્વની તથા મહામૂલી કિતાબો મંગાવી અને હિંદુસ્તાનના ઈલ્મી ખજાનાઓમાં જબરદસ્ત વધારો કર્યો.

એક ફાઝિલ મહમૂદ શૈરાની લખે છે :–

''સુલ્તાન શમ્સુદ્દીનના યુગમાં કેવળ ''આદબુસ્સલાતીન'' તથા ''માષિરુસ્સલાતીન'' જેવી કિતાબો બહારથી મંગાવવામાં આવી બલ્કે

હિંદુસ્તાનમાં પણ કેટલીયે ઉચ્ચ કક્ષાની કિતાબો લખાઈ કે તર્જુમો થઈ. એક જબરદસ્ત કિતાબ ''આદાબુલ હર્બ'' હતી જે સુલ્તાન શમ્સુદ્દીનના નામ પર 'તારીખે મુબારક શાહ'ના લેખકે લખી. શમ્સી યુગનો એક અધિક ફાઝિલ મુવૈયદ જુર્જાની હતો જેણે હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગઝાલીની 'અહયાઉલ ઉલૂમ'નો ફારસીમાં અનુવાદ કર્યો. અલ્તમશનો પુત્ર રુકનુદ્દીન એક નિષ્ફળ બાદશાહ હતો પરંતુ ઈલ્મ તથા અદબમાં તેણે પણ દિલચસ્પી લીધી અને ઈમામ રાઝીની સરે મકતૂમનો ફારસીમાં તર્જુમો કર્યા. *(રિસાલા ઉર્દૂ, જાન્યુ.–એપ્રિલ, ઈ.સ. ૧૯૧૩, પેજ–૯૫)*

ખીલજી ખાનદાનની સત્તાની કુલ મુદ્દત ૪૦ વરસથી કમ હતી પરંતું મોગલકાળથી પહેલાં ઈલ્મ તથા અદબની સૌથી વિશેષ ખિદમત એ જ યુગમાં થઈ. એ યુગમાં મઅકૂલાત (ફિલોસોફી) તથા મન્કૂલાત (નકલ થયેલ વાતો)ના એવા એવા જબરદસ્ત આલિમો તથા મોહક્કિકો થયા હતા કે તેમના સમતોલમાં આવે તેવા, સમરકંદ, મિસ્ર, ખ્વાઝમ, દમાસ્કસ, તબરેઝ, સફાહાન, રે તથા રોમમાં પણ ન હતા. દીની તથા ઈલ્મી ક્ષેત્રનો તે કયો વિષય હતો જેમાં આ ઈલ્મ તથા અદબવાળા અને ચિંતનવાળાઓને પહોંચ ન પ્રાપ્ય હતી ! એ યુગના સંબંધે બર્નીએ આ જ પ્રમાણે દર્શાવ્યું છે. *(હવાલો તારીખે ફીરોઝશાહી, પેજ–૩૫૨)*

પણ અફસોસ ! એ યુગની ઈલ્મી યાદગારો ઈતિહાસ સાચવી ન શક્યો. અસલમાં આ મહાન ઉલમા દર્સ તથા તદરીસ/શિક્ષણ આપવામાં) વ્યસ્ત રહેતા હતા. અલાઈના યુગમાં અમીર ખુસરૂ, અમીર હસન તથા ખૂદ બર્નીની મૌજૂદગીથી અંદાજો લગાડી શકાતો હતો કે ઈલ્મ તથા વિદ્યાનું સ્તર ખૂબ જ ઉચ્ચ રહ્યું હશે. એ જ યુગમાં ખ્વાજા ઝિયાઉદ્દીન સનામી પણ હતા જેમણે ''નિસાબુલ એહ્તેસાબ'' લખી અને શરફુદ્દીન બૂ અલી કલંદર પણ એ જ દૌરમાં હતા. હઝરત અમીર ખુસરૂને તે યુગની દિલ્હી પર ગર્વ હતો ! તેમણે એને ''કુબ્બાએ ઈસ્લામ'' કહીને યાદ કરેલ છે.

તગલક ખાનદાનનો પ્રથમ બાદશાહ સુલ્તાન ગ્યાસુદ્દીન તગલક હતો તેને પાંચ વરસથી અધિક સત્તા ચલાવવાનું નસીબ ન થયું. મુહમ્મદ તગલકના જમાનામાં ઉલમાએ કિરામની સંખ્યામાં ઘણો વધારો થઈ ગયો હતો. ૨૦૦ ફકીહો સુલ્તાનના દસ્તરખાન પર મૌજૂદ રહેતા હતા અને તે તેમની સાથે ધાર્મિક ચર્ચા કર્યા કરતો હતો. ફીરોઝશાહ તગલક ફકીહોથી એટલા પ્રમાણમાં પ્રભાવિત હતો કે તેણે ''ફતાવાએ ફીરોઝશાહી''ના નામથી ફિકહનું સંપાદન





કરાવ્યું જે વિશેષ મકબૂલ ન થઈ શકી. સિકંદર લોદીના શયન કક્ષમાં દરરોજ રાત્રે ૭૦ આલિમો એકત્ર થતા હતા અને તેમનાથી તે ફિકહી મસાઈલ (દીની મસ્અલા) પૂછતો હતો. સબહ અલઅઅશીની રિવાયતના પ્રમાણે મુહમ્મદ ઈબ્ને તગલકના જમાનામાં કેવળ દિલ્હીમાં એક હજાર મદ્રસા હતા જેમાં એક શાફઈઓનો અને બાકીના સૌ હનફીઓના હતા. ફીરોઝ શાહના દૌરમાં એ જમાનાનો સ્થાપિત કરેલો ''મદ્રસા ફીરોઝશાહી'' હિંદુસ્તાનનો સોથી શ્રેષ્ઠ અને વિશિષ્ટ મદ્રસો હતો. તેના તમામ ખર્ચાઓ શાહી ખઝાનાએથી અદા કરવામાં આવતા હતા. તેના જમાનામાં ઉલમા તથા મશાઈખના પગારોમાં ૩૬ લાખ ટંકા ખર્ચ થતા હતા. આગ્રાના વિવિધ મદ્રસાઓમાં શીરાઝ તથા અન્ય દેશોના મુદર્રિસો તા'લીમ આપતા હતા.

## ☆ મોગલ યુગમાં મદ્રસાઓનો ક્રમ અને દીન તથા ઈલ્મનો વિકાસ ☆

અકબર પોતાની અજ્ઞાનતા તથા કમઈલ્મી છતાં ઈલ્મની ચાહતમાં કોઈનાથી પાછળ ન હતો. તેણે ઈલ્મ તથા વિદ્યાના પ્રચાર પ્રસારમાં મોટો ભાગ ભજવ્યો, મદ્રસાઓને વિકસાવ્યા, ઉલમાની કદરદાની કરી, તેના યુગે ઈલ્મ તથા વિદ્યાના દુર્લભ તથા અનુપમ નમૂનાઓ રજુ કર્યા, તેના યુગમાં જેટલા ઉલમા લાહોરમાં પેદા થયા તે કદાચ મામૂન રશીદનું બગદાદ પણ ન પેદા કરી શક્યું. અકબરે ફતહપુર સિક્રીમાં એક મોટો મદ્રસો સ્થાપ્યો હતો. અબુલ ફઝલનું બયાન છે કે તેની સરખામણીમાં કોઈ સૈયાહ (વિ□ની વિવિધ જગાની સૈર કરનારો) કોઈ અન્ય મદ્રસાનું નામ બતાવી શકતો ન હતો.

અકબરી યુગનું ઈલ્મી તથા ધાર્મિક વિશ્લેષણ કરતાં અલ્લામા ઈકબાલ અહમદ ફારૂકી લખે છે :–

''અકબર ખૂદ દીની કદરોથી દૂર થઈ ચૂકયો હતો જેથી તેણે કેવળ દીની ઈલ્મોના પ્રચાર તથા પ્રસારને પ્રજાના માટે જરૂરી ન સમજ્યું, બલ્કે તમામ ઈલ્મો પછી ભલે તે બાતિલ અકીદા (ગલત માન્યતાઓ) પર આધારિત કેમ ન હોય તેનો દેશમાં રિવાજ આપી દીધો. તેનું પરિણામ એ આવ્યું કે દરેક બેદીન દુનિયાના વિવિધ દેશોમાંથી અખંડ ભારતમાં આવી પહોંચ્યો અને પોતાની દર્સગાહ ચાલુ કરીને સરકારી સરપરસ્તી પ્રાપ્ત કરતો ગયો. યૂનાનની ફિલોસોફી, ઈરાનની શિઆઈયત, હિંદુસ્તાનનાં હિંદુમય રિવાજો અને

પોર્ટુગલની ઈસાઈ મિશનરીઓ અખંડ ભારતમાં પોતાના કદમ મજબૂત કરવા લાગી.'' *(ઉલમાએ અહલે સુન્નત, લાહોર, પેજ–૯૫)*

એનું પરિણામ એ આવ્યું કે ઈસ્લામ તથા ઈસ્લામના ઉલમા સાથે મજાકો થવા લાગી. ઈસ્લામના માટે એ ઘણો જ કસૌટીનો કાળ હતો. દરબારી આલિમો હવાની દિશા જોઈને માથુ ઝુકાવી લેતા હતા, **પણ અહલે સુન્નતના આલિમોએ એ તોફાનનો અડગતાપૂર્વક સામનો કર્યો.** હઝરત શૈખ અહમદ સરહિંદ મુજદ્દિદ અલ્ફેષાની, શયખ મુહદ્દિષ દહેલ્વી, મુલ્લા અબ્દુલ હકીમ સિયાલકોટી, મુલ્લા જમાલ તલવી, મુલ્લા અબ્દુલ કાદિર બદાયૂની, સુલ્તાન મલિક رحمہم اللہ એ વિરોધી હવાઓની સામે દેશના ખૂણે ખૂણે નબવી ઈલ્મોના ચિરાગ રોશન કર્યા. તેમને સજાઓ આપવામાં આવી, તેમના પર સખ્તીઓ થઈ પરંતુ આ અડગતાના પહાડો બનીને મેદાનમાં જામેલા રહ્યા અને દીન તથા દાનિશનો વહેતો પુર બનીને આગળ વધતા રહ્યા. તેમણે પોતાના મદ્રસાઓમાં કુર્આન તથા હદીષ તથા ફિકહને રિવાજ આપ્યો અને અલલ એલાન સાબિત કર્યું કે :–

**ઈલ્મે દીન ફિકહ અસ્ત કુર્આનો હદીષ**
**હર કે ખાંદ ગૈર અઝીં ગર્દદ ખબીષ**

(**અર્થ** : ઈલ્મે દીન ફિકહ કુર્આન તથા હદીષ છે, જે એના સિવાય પઢશે તે ખબીષ છે.)

જહાંગીરનો યુગ હિ.સ. ૧૦૧૪/ઈ.સ. ૧૬૦૫ થી હિ.સ. ૧૦૩૭/ઈ.સ. ૧૬૨૭ સુધી છે. અકબરના મૃત્યુ પછી જ્યારે જહાંગીરનો દૌર શરૂ થયો તો અકબરી બિદઅતો તથા ખરાબીઓ દમ તોડી રહી હતી, ઉલમાએ અહલે સુન્નતની કોશિશોથી ઈસ્લામને જીવંત કરવાની ચળવળ ખૂબ જ ભારપૂર્વક આગળ વધી રહી હતી. જહાંગીરે સંજોગોની દિશાને જોતાં પોતાના બાપની અધર્મતાભરી બાબતોથી દૂરી અપનાવી. અકબરી યુગમાં ઘણાયે મદ્રસો રાફઝીઓ તથા હિંદુઓના દબાણ હેઠળ બંધ થઈ ગયા હતા તેને નવેસરથી આબાદ કરવાનો હુકમ આપ્યો.

જંહાગીરના સમકાલીન ''તારીખે જાને જહાન''ના લેખક લખે છે :–

''જહાંગીરના હુકમ પછી પાછલા ત્રીસ વરસોથી જે મદ્રસાઓ પશુ પક્ષીઓનાં ઘર બન્યા તે ફરી આબાદ થયા. વિદ્યાર્થીઓ ટોળે ટોળાં તેમાં દાખલ





થવા લાગ્યા. જે ઈલ્મવાળાઓ પ્રતિકૂળ સંજોગોને લઈને ભૂગર્ભમાં જતા રહ્યા હતા તેઓ નવેસરથી ઈલ્મ તથા વિદ્યાના પ્રચારમાં મશ્ગૂલ થઈ ગયા. જૂના મદ્રસાઓની સાથોસાથ નવા મદ્રસા પણ ખુલવા લાગ્યા. મુહમ્મદ સફી દીવાન ગુજરાતે જબલપુરમાં એક અઝીમુશ્શાન મદ્રસો સ્થાપિત કર્યો. સૈફખાં નાઝિમે ગુજરાતે અહમદાબાદમાં એક આલીશાન ઈમારતમાં મદ્રસો સ્થાપિત કર્યો.''

જહાંગીરે એ કાનૂન બનાવી દીધો હતો કે તેની રાજ્ય સત્તામાં જ્યાં પણ કોઈ માલદાર રઈસ અથવા વેપારી કોઈ જાનશીન (અનુગામી) કે વારસ વિના મરી જતો તેની તમામ જાયદાદ અને મિલ્કત હુકૂમતની માલિકીમાં આવી જતી અને તે મદ્રસાઓ તથા ખાનકાહો માટે વપરાતી.''

શાહજહાંના યુગ (હિ.સ. ૧૩૦૭ / ઈ.સ. ૧૬૨૭ થી હિ.સ. ૧૦૬૬/ઈ.સ. ૧૬૫૭ સુધી) શાંહજહાંએ અખંડ ભારતમાં ઈસ્લામી રિવાજો તથા ઈલ્મ તથા વિદ્યાઓના પ્રચાર તથા પ્રસારમાં ખૂબ જ ઉત્સાહ પ્રદર્શિત કર્યો, મસ્જિદો બનાવી, મકબરા બંધાવ્યા અને મદ્રસા ચાલુ કર્યા. આજે પણ હિંદની ધરતી પર તેની બંધાવેલી મસ્જિદો, મજબૂત કિલ્લા અને પ્રેમની નિશાની તાજમહલ ગર્વ લેવા સામાન યાદગારો છે.

શાહજહાં લાહોરમાં પેદા થયો હતો એટલા માટે એ શહેર સાથે સ્વભાવિક પ્રેમ હતો. તેના ખાસ ધ્યાને લાહોરને ઈલ્મ તથા વિદ્યાનું કેન્દ્ર બનાવી દીધું. દૂર દૂરથી ઉલમા તથા વિદ્યાર્થીઓની ભીડ જામવા માંડી. આ ઈલ્મનવાઝીના પરિણામે ઠેક ઠેકાણે મદ્રસા ખુલી ગયા અને ગલી કૂચાઓમાં મકતબ શરૂ થઈ ગયા. ઈલ્મ શીખવા શીખવાડવાથી લાહોર ગુંજી ઉઠયું. 'તબકાતે શાહજહાંના લેખક મુહમ્મદ સાદિકના કથનાનુસાર લાહોરથી પેશાવર સુધી દરેક ગામમાં એક મદ્રસો મૌજૂદ હતો. આ મદ્રસા સ્વતંત્રતાથી તા'લીમ આપતા અને એવી વ્યવસ્થા કરી દેવામાં આવી હતી કે આમ લોકો જ તે મદ્રસાઓના ખર્ચાને સંભાળી લેતા હતા.

આ યુગમાં જે મદ્રસાઓએ મહત્વનો રોલ અદા કર્યો એમાં ''મદ્રસાએ દાઈલાડૂ, દર્સે મિયાંવડા, મદ્રસા મિયાંની સાહબ, મદ્રસા ખૈર ગળ્હ, મદ્રસા અબુલ હસનખાં તુરબતી, મદ્રસા શૈખ બહલૂલ, મદ્રસા મુલ્લા ફાઝિલ, મદ્રસા શૈખ જાન મુહમ્મદ સુહરવર્દી, મદ્રસા વઝીરખાં અને મદ્રસા મુલ્લા ખ્વાજા બિહારી વગેરે હતા. *(સંક્ષિપ્ત, અઝ : તઝકેરએ અકાબિરે અહલે સુન્નત લાહોર, પેજ ૧૦૭ થી ૧૧૦)*

શાહજહાની યુગમાં પંજાબ પણ દર્સ તથા તદરીસનું મહાન મર્કઝ રહ્યું. એ યુગમાં મુલ્લા અબ્દુસ્સલામ લાહોરી અને અબ્દુસ્સલામ દયવીના ફયઝ્થી મહાન મહાન આલિમો પેદા થયા. મુલ્લા અબ્દુસ્સલામ દયવી મુલ્લા અબ્દુસ્સલામ લાહોરીના શાગિર્દ તથા બારબંકી જિલ્લાના રહેવાસી હતા. તેમના જ થકી હિંદુસ્તાનમાં મઅકૂલાત (ફિલોસોફી)નો રિવાજ થયો. તેમના શાર્ગિદ (વિદ્યાર્થી) મુલ્લા અબ્દુલ હકીમ સિયાલકોટી હતા જેમની કિતાબો અરબ તથા અજમ સુધી ફેલાયી. મુલ્લા દાન્યાલ ચોરાસી અને શૈખ મુહિબ્બુલ્લાહ ઈલાહાબાદી પણ આપના જ વિદ્યાર્થીઓમાંથી હતા.

હઝરત ઔરંગઝેબ આલમગીરની હુકૂમતનો યુગ હિ.સ. ૧૦૫૮/ઈ.સ. ૧૬૫૭ થી હિ.સ. ૧૧૧૯/ઈ.સ. ૧૭૦૭ સુધી છે. આલમગીર પોતાના શહેનશાહ બાપદાદાઓની જેમ કેવળ ઈલ્મ પ્રેમી જ નહીં બલ્કે જબરદસ્ત આલિમ તથા ફાઝિલ હતા. હઝરત ઔરંગઝેબે તમામ શહેરો તથા રાજ્યોમાં મદ્રસા તથા મકતબો સ્થાપિત કર્યા, બાકમાલ ઉસ્તાદોને વઝીફાઓ તથા જાગીરો આપી અને વિદ્યાર્થીઓના માટે સ્કોલરશીપ નિશ્ચિત કરી. એ શાહી મદ્રસાઓ સિવાય ખાનકાહો, મસ્જિદો તથા રઈસોનાં ઘરો પર પણ શિક્ષકો શિક્ષણ આપતા હતા. તેમના ધ્યાન આપવાથી દેશના મોટા ભાગના શહેરો તથા કસ્બાઓમાં ઈલ્મી કેન્દ્રો શરૂ થયાં.

મૌલાના અલીમુદ્દીન સાલિક લખે છે :–

"ઔરંગઝેબ પ્રથમ બાદશાહ છે જેણે દરેક ઈલાકામાં તે જ ઈલાકાની ભાષામાં દીની કિતાબો લખાવી. પંજાબમાં સૌ પ્રથમ દીની સાહિત્ય પર જેટલા પ્રમાણમાં કિતાબો ઔરંગઝેબના જમાનામાં લખવામાં આવી એનાથી પંજાબ સાહિત્યને ખૂબ જ વેગ મળ્યો, એ જ પ્રમાણે અન્ય ધાર્મિક તથા સંસ્કારિક જીવનમાં ઘણી તબદીલી અસ્તિત્વમાં આવી અને મસાઈલને સમજવામાં ઘણી આસાની થઈ." *(ઉલમાએ લાહોર અને મદ્રસા, પેજ–૫૨૩)*

આલગમીરી યુગના ઉલમામાં મૌલાના નિઝામુદ્દીન લાહોરીનું નામ ઘણુ જ મહત્વ ધરાવે છે. આપે લાહોરમાં એક અઝીમુશ્શાન મદ્રસો સ્થાપ્યો. આલમગીરી યુગમાં દેશમાં અસંખ્ય મદ્રસા સ્થાપિત થયા. કેપ્ટન એલેકઝંડર ઈ.સ. ૧૬૯૦ માં ઈરાનના અખાતથી પસાર થઈને હિંદના કિનારે પહોંચ્યો તો સનદામાં ઠઠ કસ્બાને જોઈને તેના પ્રત્યાઘાતો આ શબ્દોમાં રજુ કર્યા :– "આ શહેર ફિકહના ઈલ્મો, ફિલોસોફી, ગણિત શાસ્ત્ર અને દીનીયાતના માટે





મશ્હૂર છે, આ ઈલ્મોમાં છોકરાઓ માટે ચારસો કોલેજો મૌજૂદ છે." *(ન્યૂ એકાઉન્ટ ઓફ ઈસ્ટ ઈન્ડિયા કંપની, ભાગ–૧, પેજ–૧૨૭)*

## ☆ ઔરંગઝેબ આલમગીર પર એક આક્ષેપ ☆

હિંદુસ્તાની ઈતિહાસમાં સૌથી વધુ અન્યાય હઝરત ઔરંગઝેબ આલમગીર સાથે કરવામાં આવ્યો છે. ઈરાની તથા હિંદુ ઈતિહાસકારો ઔરંગઝેબની દરેક વાતને અયબના રૂપમાં વર્ણવે છે. અને હમેશાં ખામી કાઢવા અને આક્ષેપો લગાડવામાં એવા બનાવટી પ્રસંગોને ખૂબ ભારપૂર્વક વર્ણવે છે. એ જ આક્ષેપોમાંથી એક એ છે કે આલમગીરે હિંદુઓની પાઠશાળાઓને પોતાના યુગમાં બંધ કરાવી દીધી હતી. જ્યારે કે વાસ્તવિક્તા કાંઈ ઓર છે ! અસલમાં શાહજહાંના દૌરમાં હિંદુઓ મુસલમાનો પર બળ વાપરવા લાગ્યા હતા. તેઓ પોતાની પાઠશાળાઓમાં બળજબરીથી મુસલમાન બાળકોને તેમના ધાર્મિક ઈલ્મો શીખવાડતા હતા. અને પછી એવા આકર્ષણનો ક્રમ શરૂ કરી દીધો હતો કે મુસલમાન બાળકો દૂર દૂરથી પાઠશાળાઓમાં આવતા હતા, આલમગીરે તે જ પાઠશાળાઓને બંધ કરી દીધી હતી. બદ્ગુમાન ઈતિહાસકારોએ લખી દીધું કે તેણે હિંદુઓની તમામ પાઠશાળાઓ બંધ કરાવી દીધી અને પ્રાર્થનાલયો તોડી પાડયાં હતાં. "મઅ્ષરે આલમગીરી"માં તેનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે :–

"બાદશાહ દીન પનાહ (ઔરંગઝેબ)ને જાણવા મળ્યું કે ઠઠ રાજ્ય અને મુલ્તાનમાં સામાન્યતઃ તથા વિશેષતઃ બ્રાહ્મણોએ મદ્રસા (પાઠશાળાઓ) સ્થાપી છે અને બાતિલ કિતાબોના શિક્ષણમાં મશ્ગૂલ છે. હિંદુ મુસ્લિમ વિદ્યાર્થીઓ દૂર દૂરના સ્થળોએથી સફર કરીને એ ઈલ્મની પ્રાપ્તિના માટે આવે છે. આલમગીરે તમામ રાજ્યોના ગવર્નરોના નામે ફર્માન રવાના કર્યા કે એ મદ્રસા બંધ કરી દેવામાં આવે અને એ ઈલ્મોના શિક્ષણની તાકીદની સાથે મનાઈ કરી દેવામાં આવે." *(મઅ્ષરે આલમગીરી, પેજ–૮૧)*

હઝરત ઔરંગઝેબનો ઈન્તેકાલ ફેબ્રુઆરી ઈ.સ. ૧૭૦૭/ ૨–ઝી કઅદા હિ.સ. ૧૧૧૮ માં થયો. તેના પછી કિયામત ખડી થઈ ગઈ કે દેશના માળખાનું દરેક વરક (પાનુ) વિખેરાઈ ગયું. આલમગીર પછી દોઢસો વરસો સુધી કોઈ ન કોઈ મુગલ બાદશાહ દિલ્હીના તખ્તનો તાજદાર થતો રહ્યો પણ શક્તિ ફના થઈ ચૂકી હતી, સલ્તનતની વ્યવસ્થા મૃતપાય થઈ ચૂકી હતી અને

દીન તથા દાનિશ અને ઈલ્મ તથા હિકમતની સર્વ વસંતો પાનખરમાં ફેરવાઈ ચૂકી હતી. કેવળ પચાસ વરસના અરસામાં ઈ.સ. ૧૭૦૭ થી ઈ.સ. ૧૭૫૭ સુધીમાં દિલ્હીના શાહી તખ્ત પર દસ તાજદાર બેસાડવામાં આવ્યા અને ઉતારી દેવામાં આવ્યા.

## ☆ અંગ્રેજ યુગમાં દીની ઈલ્મોની નિરાધાર હાલત ☆

સોળમી સદી ઈસ્વીના ખત્મ થતાં જ એક વેપારીની હેસિયતથી અંગ્રેજ હિંદુસ્તાનમાં પ્રવેશ કરી ચૂક્યા હતા. હિ.સ. ૧૦૦૯/ઈ.સ. ૧૬૦૦ માં રાણી એલિઝાબેથના નિર્દેશ પર ઈસ્ટ ઈન્ડિયા કંપની પણ સ્થપાઈ ચૂકી અને પછી ૧૫૦ વરસો સુધી આ કંપની કેવળ વેપારના કારોબાર સુધી સીમિત રહી. પરંતુ જ્યારે હઝરત ઔરંગઝેબ અને મોઅઝ્ઝમ શાહના પછી મોગલ ખાનદાનના પાયા ડગમગવા લાગ્યા તો અંગ્રેજ વેપારીઓએ ઘણી જ ચાલાકીપૂર્વક રાજકરણ તથા સત્તાના ક્ષેત્રે પગ લંબાવવાનું શરૂ કરી દીધું. અને પછી તેઓ મોગલ ખાનદાનને રાજકીય તબાહીના ઠેકાણે પહોંચાડીને સમગ્ર દેશના માલિક બની બેઠા.

હિ.સ. ૧૨૭૪/ઈ.સ.૧૮૫૭ માં હિંદુસ્તાનવાસીઓએ ફરી પાસુ બદલ્યું. મેરઠ છાવણીની થોડીક સરખી ફોજી શિકાયતે જોત જોતામાં આખા દેશમાં આઝાદીનું બ્યુગલ વગાડી દીધું. મેરઠ, દિલ્હી, ઝાંસી, કાનપૂર તથા લખનૌ જે ફિરંગીઓના ફોજી કેન્દ્ર હતાં તે આઝાદીની જંગના પણ ખાસ કેન્દ્ર બની ગયાં. એ વરસે દિલ્હીના લાલ કિલ્લામાં અબૂ ઝફર બહાદુરશાહના માથા પર તાજ રાખવામાં આવ્યો પણ દેશ પર તે પોતાની પકડ ન રાખી શક્યો, સૈનિકોનું જોર તૂટયું, આઝાદીના ચાહકોને સૂળીઓ પર ચઢાવી દેવામાં આવ્યા, હજારો આલિમોને શહીદ કરવામાં આવ્યા અને બહાદુરશાહ ઝફરને ગિરફતાર કરીને રંગૂન મોકલી દેવામાં આવ્યો અને લાલ કિલ્લાનો અંતિમ ચિરાગ પણ ઓલવાઈ ગયો.

ઈ.સ. ૧૮૫૭ ની આઝાદીની ચળવળમાં એક અંદાજા પ્રમાણે **બે લાખ મુસલમાન શહીદ** થયા જેમાં ૫૧૦૦૦ (એકાવન હજાર) આલિમો હતા. એડવર્ડ થોમસના કથનાનુસાર **"કેવળ દિલ્હીમાં પાંચસો આલિમોને ફાંસી આપવામાં આવી."** આ જંગમાં હિંદુઓએ પણ મહત્વનો રોલ ભજવ્યો. આશ્ચર્યની વાત છે કે તે સમયે જેટલા હિંદુ તથા મુસલમાનોએ અંગ્રેજોની વિરૂધ્ધ





જંગ લડી અને જાનો કુર્બાન કરી તે સૌને વતનના શહીદોનો ખિતાબ આપવામાં આવ્યો અને હિંદુ મુસલમાન દેશની આઝાદીની જદો જેહદમાં હમસફર તથા મંઝિલના સાથી હતા. પણ અંગ્રેજોની હુકૂમત માટે આ એક્તા સૌથી મહાન ખતરાની નિશાની હતી અને તેઓને હિંદુઓ કરતાં અધિક મુસલમાનોથી ખતરો હતો એટલા માટે તેમણે પોતાના સત્તાકાળમાં એવી પોલિસીઓ બનાવી જેનાથી હિંદુ તથા મુસલમાનની વચ્ચે નફરત તથા ભેદભાવની દીવાલ આડે આવી જાય અને સૌથી વધુ નુકસાન મુસલમાનોની શૈક્ષણિક, આર્થિક તથા સાંસ્કૃતિક બાબતોને પહોંચાડયું અને મુસલમાનોના મુકાબલામાં હિંદુઓની તા'લીમ તથા તેમના ધર્મને ઉત્તેજન આપ્યું.

"તે (બ્રિટનની) ગવર્નમેન્ટે ઈ.સ. ૧૮૩૭ માં હિંદમાંની ગવર્નમેન્ટના પૂછવા પર જવાબમાં એ બાબતનો સ્વીકાર કર્યો હતો કે વર્તમાન શિક્ષણ પધ્ધતિનું માળખુ હિંદુઓની જરૂરિયાતના પ્રમાણે બનાવવામાં આવ્યું અને મુસલમાનોને આ બારામાં એટલા પ્રમાણમાં નુકસાનમાં રાખવામાં આવ્યા છે કે સ્કૂલોમાં મુસલમાન બાળકોનું ઓછા હોવું આશ્ચર્યની વાત નથી. બલ્કે આવા સંજોગોમાં તેમનું હાજર હોવું જ આશ્ચર્યજનક છે." *(તારીખે તા'લીમે અંગ્રેજ, પેજ–૧૫૫)*

અંગ્રેજી દૌરમાં મુસ્લિમ ઉમ્મતના બાળકોને જાહિલ રાખવા તથા મુસલમાનોના ઈલ્મી તથા સંસ્કારિક વારસાને નાબૂદ કરવામાં કોઈ કસર રાખવામાં આવી ન હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ડાયરેકટરે એક પ્રસંગે કહ્યું હતું :–

"તમે હિંદુસ્તાનીઓને શિક્ષણ આપવા ચાહો છો, શિક્ષણ આપીને તમે તેઓને તમારા અન્યાયોથી માહિતગાર કરી દેશો. તમે તેમનો દેશ લૂટી લીધો છે, તમે તેમના વતનના સાથીઓને બર્બાદ તથા બેઈજ્જત કર્યા છે, તમે તેમના બાદશાહોને કત્લ કરી નાખ્યા છે, જેથી તમારી સલામતી એમાં છે કે તેમને આ જ પ્રમાણે છેતરાયેલા, પોતાને ભૂલેલા અને અભણ રહેવો દો." *(ખુરશીદ મુસ્તફા, જંગે આઝાદી, ઈ.સ. ૧૮૫૭, પેજ–૯૧)*

ઔર યે અહલે કલીસાકા નિઝામે તઅલીમ
એક સાઝિશ હૈ ફક્ત દીનો શરીઅતકે ખિલાફ

મિ. ગાંધીએ ઈ.સ. ૧૯૨૦ માં બનારસમાં પોતાના એક પ્રવચનમાં આ સ્વીકાર કર્યો કે, "બ્રિટિશ ગવર્નમેન્ટના આગમનથી પહેલાં દેશમાં ત્રીસ હજાર મદ્રસા હતા જેમાં બે લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હતા. આજે

હુકૂમતની નોંધણી મુશ્કેલીથી કુલ છ હજાર મદ્રસાઓનો હવાલો આપી શકે છે." *(બહવાલા આઝાદીકી જંગ, પેજ–૮)*

પ્રોફેસર મેક્સ મેલ્ઝનું બયાન છે કે, "બ્રિટનની સત્તા પહેલાં બંગાળ માં એંસી હજાર મદ્રસા હતા." *(કવાઈફ વ સહાઈફ, પેજ–૭)*

## ☆ આઝાદી બાદ ઈસ્લામી મદ્રસાઓ ☆

વતનીભાઈઓની સાથે હિંદુસ્તાનના મુસ્લિમોએ ઘણી અડગતા તથા હોંસલાભેર આઝાદીની લડાઈ લડી અને અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢયા. આ આઝાદીની ચળવળમાં પણ આલિમો, શાયરો તથા મુસ્લિમો લીડરોએ ઘણો મહત્વનો રોલ ભજવ્યો. આઝાદીના મુસ્લિમ મુજાહિદો પર તમે નજર દોડાવશો તો તમને સારી પેઠે અંદાઝો થઈ જશે કે આઝાદીના મુજાહિદોની તાલીમ તથા તર્બિયત (કેળવણી) ઈસ્લામી મદ્રસાઓમાં થઈ હતી. અંગ્રેજ પાસેથી દેશને આઝાદ કરાવવાની પૂરી જદ્દો જેહદમાં પચાસ હજારથી વિશેષ આલિમો શહીદ થયા. પોતાના દેશના માટે ત્યાગ તથા કુર્બાનીનું આથી મોટુ દ્રષ્ટાંત મળવું મુશ્કેલ છે. દેશ વિભાજીત થયો અને ઈલ્મવાળાઓની એક મોટી જમાઅત પાકિસ્તાન ચાલી ગઈ, જે ઈલ્મ તથા હિકમતના સ્તંભો હિંદુસ્તાનમાં રહી ગયા હતા તેઓ સત્તાવાળાઓની તીરછી નજરોના શિકાર બન્યા. મુસ્લિમ રાજ્ય સત્તા ખત્મ થયા પછી દૌલતવાળા તબાહ થઈ ચૂકયા હતા જેથી તેઓ ઈસ્લામી મદ્રસાઓને સહારો ન આપી શકયા, અને ક્રમે ક્રમે દીની ઈલ્મો તથા વિદ્યાઓની વિશાળતા સંકોચાવા લાગી અને ઈસ્લામી મદ્રસાઓની સંખ્યા દિન પ્રતિ દિન ઘટતી ગઈ અને જે મદ્રસાઓ હતા તેમની આર્થિક સ્થિતિ અત્યંત ગંભીર થઈ ગઈ.

સદરુલ અફાઝિલ મૌલાના સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી (જન્મ : ઈ.સ. ૧૮૮૩/હિ.સ. ૧૩૦૦, વિસાલ : ઈ.સ. ૧૯૪૭/હિ.સ. ૧૩૬૭) પોતાના જમાનામાં મદ્રસાઓનો ચિતાર આ પ્રમાણે દર્શાવે છે :–

"હિંદુસ્તાનની વિશાળતામાં ઈસ્લામી મદ્રસાઓ એક દુર્લભ ચીજ છે જેને આપણે આપણી ગલત રાય અને બિનજરૂરી મજાકના કારણે વિપુલ પ્રમાણમાં સમજીએ છીએ. આટલા વિશાળ દેશમાં થોડાક જ મદ્રસાઓ છે જે આંગળીઓના વેઢાઓ પર ગણી શકાય છે. જ્યારે આ મદ્રસાઓની હાલત પર નજર પડે છે તો દુઃખી દિલેથી લોહી બનીને આંખોના વાટે વહી જવાની ખ્વાહિશ





કરે છે. ઈસ્લામી મદ્રસાની શિકાયત કરવાવાળા ઘણા મળે છે અને મળતા રહેશે પણ એવી વ્યક્તિઓ ઘણી ઓછી હશે જેમણે પોતાના દિમાગને એ સબબોને શોધવા તકલીફમાં મૂકયું હોય જેના કારણે શિકાયતો ઉપસ્થિત થાય છે. દીની દર્સગાહોમાં સામાન્યતઃ મુદર્રિસોની કોઈ કદર નથી હોતી અને જીવનનિર્વાહના પાત્ર પગાર પણ મળતો નથી. થોડાક પગારોમાં સબ્ર કરીને બેઠેલા રહે છે. માલદારો તેમને પૂછતા નથી, અર્વાચીન શિક્ષિતો તેને આશ્ચર્યજનક તમાશો સમજે છે. તેમનો દેખાવ, વાણી, ચાલ ઢાલ, ખાસિયતો, આદતો સૌ તેમની દ્રષ્ટિમાં મજાકને પાત્ર છે.

થોડીક લીટીઓ પછી લખે છે :–

તેમ છતાં મર્દાનાવાર અડગતાની સાથે પોતાની ખિદમતોને અંજામ આપતા રહેવું અને ફિક્રો તથા મુસીબતોના લશ્કરો સામે છાતી તાણીને ઉભા થવું, પોતાના પરાયાઓની તકલીફો વેઠવી, દરેક પ્રકારની વાતો સાંભળવી અને સબ્ર તથા સુકૂનથી પોતાનું કામ કર્યે જવું અને કોઈની પરવા ન કરવી ઈસ્લામની હક્કાનિયતની એક દલીલ છે."

હઝરત સદરુલ અફાઝિલ ઈસ્લામી મદ્રસાઓની કફોડી હાલત પર લોહીનાં આંસૂં વહાવતાં લખે છે :– દુનિયા આ મદ્રસાઓને બિનજરૂરી અને બેકાર ચીજ ગણે છે. જમાનો ચાહે છે કે આલિમો તથા તલબા (વિદ્યાર્થીઓ) ખાવા પીવાના બાબતે ફરિશ્તા જેવા ગુણવાળા બની જાય ! તે આવક જે આ જ મદ્રસાઓના ખર્ચ માટે છે તે અન્ય કામોમાં ખર્ચવામાં આવે છે અને હક્કદારોને મેહરૂમ ત્યજી દેવામાં આવે છે. મદ્રસાઓની પાસે એટલો સરમાયો નથી હોતો જેનાથી તે પોતાની હાલત સુધારી શકે. મદ્રસાઓ માટે વર્તમાનકાળમાં આપવામાં આવતા થોડા સરખા પગારો આપવા કઠિન કામ છે. મોટા ભાગના પગારો કસમયે આપવામાં આવે છે અને વ્યવસ્થાપકોએ તકાઝો સાંભળવાની તકલીફ ઉઠાવવી પડે છે. તેનું દિમાગ એ ફિકરોથી પરેશાન રહે છે અને કામયાબીનો કોઈ માર્ગ નથી નીકળતો. મુસલમાન આ ક્ષેત્રે ખૂબ જ સુસ્તીપૂર્વક વર્તે છે. ચંદા ખૂબ જ થોડા છે અને તે પણ સમય પર નથી પહોંચતા (છતાં ખૈરયિત છે ! કે) ભરપેટ ધરાયેલાઓને શિકાયત છે કે આ મદ્રસાઓમાં ગદાગીરી (ભીખ માંગવા)ની તા'લીમ આપવામાં આવે છે ! તેઓ તુચ્છકારની નજરે જુએ છે. પણ આ શિકાયત કરતાં તેમને શરમ આવવી જોઈએ કે તેમણે મઝહબ તથા ધર્મના માટે પોતાની જિંદગીઓ વકફ કરનારાઓ અને

ઐશઆરામથી અલગ થઈ જનારાઓને કઈ હાલમાં રાખ્યા છે ! શું કોઈ મદ્રસાને આજે એટલી દૌલત પ્રાપ્ય છે કે પોતાના વિદ્યાર્થીઓને અંગ્રેજી સ્કૂલોના બોર્ડો (વિદ્યાર્થીઓ)ની જેમ રાખી શકે ? તલબા (વિદ્યાર્થીઓ)ની અડગતા તથા મર્દાનગી સેંકડો હજારો દાદને પાત્ર છે કે તેઓ મુસીબતો છતાં ઈલ્મ પ્રાપ્તિમાં વ્યસ્ત છે અને સગવડો ન હોવાની ભાવનાની કલ્પના પણ તેમના દિલમાં નથી આવતી." *(માહનામા અશ્રફિયા, મેં–૧૯૮૯)*

## ☆ પડતીના યુગમાં અહલે સુન્નતના મર્કઝનો રોલ ☆

આઝાદી પછી એક તરફ તો મુસલમાનોની આર્થિક કફોડી હાલત અને ગવર્નમેન્ટની સંકૂચિત દ્રષ્ટિએ મદ્રસાઓને ખરાબ હાલતમાં અને આલિમોને નિરુત્સાહ કર્યા અને બીજી બાજુ અખંડ ભારતમાં અંગ્રેજોની ઉપજ વહાબિયતે મુસલમાનોની એકતાને વિખેરી નાખી અને અકીદા તથા ઈમાનની એકતા પર જે મુસલમાનો સદીઓથી દીની ઈલ્મો તથા વિદ્યાઓની ઝુલ્ફો સંવારી રહ્યા હતા તેઓ જાતે પોતે જ આપસમાં ઝઘડવા અને ટુકડીઓમાં વહેંચાવા લાગ્યા હતા. ડો. સૈયદ જમાલુદ્દીન અસ્લમ માજી ઉસ્તાદ જામિઆ મિલ્લિયા–દિલ્હી લખે છે :–

"અસલમાં ૧૯ મી સદીથી જ માન્યતાઓના પાયા પર આલિમો વિવિધ મકતબોમાં વહેંચાવા શરૂ થઈ ગયા હતા અને મુસ્લિમ સમાજ પણ તેમના અનુસરણમાં વિવિધ ગૃપોમાં વહેંચાઈ ગયો હતો. સદીઓ સુધી હિદાયહ હિંદુસ્તાની મુસલમાનોને હિદાયત દેખાડતી રહી પરંતુ નજદમાં લખાયેલી કિતાબ તથા સુન્નતની (કુર્આન–હદીષની) એક નવી તાબીર "અત્તૌહીદ"ને ૧૯ મી સદીમાં ઘુસાડવામાં આવી જેનો ઉર્દૂ તર્જુમો "તકવિયતુલ ઈમાન" નિફાકનો સબબ બન્યો. શાહ ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "તકવિયતુલ ઈમાન"ના પ્રસિદ્ધ થવાથી પહેલાં હિંદુસ્તાની મુસલમાન કેવળ બે ફિર્કાઓમાં વહેંચાયેલા હતા, એહલે સુન્નત તથા શિઆ, એમાં પ્રથમ દર્શાવેલ (સુન્ની)ની વસ્તી પુષ્કળ પ્રમાણમાં હતી. પરંતુ "તકવિયતુલ ઈમાન"ની પ્રસિદ્ધિ પછી મતભેદોનો એક એવો ક્રમ શરૂ થયો કે સવાદે આ'ઝમ એહલે સુન્નતથી નીકળીને લોકો વિવિધ ગૃપોમાં દાખલ થવા લાગ્યા અને આ રીતે સવાદે આ'ઝમનું માળખુ પીંખાઈ ગયું. આ વિખવાદની રોક થામ તથા એહલે સુન્નતના માળખાને સમારવા માટે બરૈલીના એક ફાઝિલ આલિમે મજબૂત નિશ્ચય કર્યો





અને એ રીતે ૧૯ મી સદીના અંતની નજીક અહલે સુન્નતના બરેલ્વી મકતબ (બરેલ્વી વિચારસરણી જે સહાબા, તાબઈ તથા બુઝુર્ગોની હતી તે જ વિચારસરણી)નો પાયો નંખાયો. એ ફાઝિલ આલિમ હતા મૌલાના અહમદ રઝા ખાન (વફાત : ઈ.સ. ૧૮૫૬ થી ૧૯૨૧)જે ઈમામે અહલે સુન્નત ફાઝિલે બરેલ્વીના નામથી મશહૂર તથા મઅરૂફ થયા. *(બર્તાનવી રાજમેં મઝહબ ઔર સિયાસત, પ્રેસ દિલ્હી, પેજ–૬)*

ઈમામ અહમદ રઝાએ લગભગ એક સદી પહેલાં હિ.સ. ૧૩૨૨/ઈ.સ. ૧૯૦૪ માં મદ્રસા મન્ઝરે ઈસ્લામનો પાયો રાખ્યો જે ઈમામ અહમદ રઝાના ઉચ્ચ વ્યક્તિત્વ તથા તેમની મુજદ્દિદાના સરગર્મીઓ અને ઉચ્ચ કોટીની લેખન ક્ષેત્રની તેહકીકી તથા ફિકહી ખિદમતોની બરકતથી "મર્કઝે અહલે સુન્નત" બની ગયું અને તેમના ફરઝંદોએ દેશ વિદેશ દા'વત તથા તબ્લીગ તથા દર્સ તેમજ તદરીસની ઐતિહાસિક ખિદમતો અંજામ આપી. ઈમામ અહમદ રઝાની દર્સગાહથી ઈલ્મો ફનના જે કામિલો તથા દીનના તથા સુન્નતના મુબલ્લિગો નીકળ્યા તેમણે અખંડ ભારતમાં અસલ ઈલ્મો તથા વિદ્યાઓને જીવંત કરી, તેહકીક તથા લેખન વૃત્તિનો ક્રમ આગળ વધાર્યો અને મુસલમાન ઉમ્મતને નિરાશાજનક વાતાવરણમાંથી કાઢીને ઈલ્મ તથા વિદ્યાના ક્ષિતિજ પર લગામ પહેરાવવાનો હોસલો અર્પયો.

બરૈલીની સરઝમીન (ભૂમી) સદીઓથી ઈલ્મો તથા વિદ્યા અને દર્સ તથા તદરીસનું કેન્દ્ર હતી પરંતુ દરમ્યાનમાં જે અકથ્ય સંજોગો પેદા થઈ ગયા હતા તેને ઈમામ અહમદ રઝાએ એકદમ બદલી નાખ્યા અને નવી જિંદગી અતા કરી દીધી. "તારીખે રોહેલ ખંડ"ના લેખક મૌલાના અબ્દુલ અઝીઝ બરેલ્વી લખે છે :–

"બરૈલીમાં ઈસ્લામી ઉન્નતીનો જમાનો હાફિઝ મલિકના સમયથી શરૂ થાય છે. જ્યારે કે રોહેલ ખંડમાં પાંચ હજાર આલિમો મસ્જિદો તથા મદ્રસાઓમાં દર્સ (શિક્ષણ) આપતા હતા. મોલ્વી હૈદર અલી લખે છે : જો કે શહેર બાંસ, બરેલી, દિલ્હી, લખનૌ, આગ્રાની સરખામણીમાં કસ્બો છે પણ આ કસ્બો કદી આલિમો, હકીમો, શાયરો, ખુશનવેશો (કાતિબો) તથા હુનરમંદોથી ખાલી નથી રહ્યો." *(તારીખે રોહેલ ખંડ, મહરાન એકેડમી, કરાચી–૩૫૫)*

રોહલેખંડના ઉલમામાં ઈમામ અહમદ રઝાના ઈલ્મી મકામ તથા ખુદાદાદ ફઝ્લો કમાલે અખંડ ભારતની વિખેરાઈ ગયેલી સફોને ફરીથી

સુવ્યવસ્થિત કરી દીધી. ડો. ગુલામ મુસ્તફાના કથનાનુસાર,'' આ'લા હઝરત મૌલાના અહમદ રઝા ખાન علیہ الرحمۃ والرضوان પોતાના દૌરના અજોડ ઉલમામાં ગણાય છે. તેમના ફઝ્લો કમાલ, દિમાગી શક્તિ તથા બુદ્ધિ કૌશલ્ય, અસામાન્ય બુદ્ધિમત્તા તથા હોશિયારી સામે મોટા મોટા આલિમો, ફાઝિલો, યુનિવર્સિટીના પ્રોફેસરો, સંશોધકો, મુસ્તશ્રેકીન (પશ્ચિમી ભાષાઓના માહિર ફિરંગીઓ) નજરોમાં સમાતા નથી ! સંક્ષિપ્તમાં એ કે તે કયો ઈલ્મ છે જે એમને નથી આવડતો ! તે કઈ વિદ્યા–કલા છે જે તેમને નથી આવડતી !'' અને મોલ્વી અબ્દુલ અઝીઝના બયાન પ્રમાણે, ''ઉત્તર હિંદુસ્તાનની શિક્ષણ વ્યવસ્થા તે જમાનામાં અંગ્રેજોની શિક્ષણ વ્યવસ્થા કરતાં અથવા ઓક્સફોર્ડના વર્તમાન ક્લાસીકલ કોર્સના આમ લોકપ્રિય કોર્સ કરતાં કોઈ રીતે કમ ન હતો.'' (તારીખે રોહેલ ખંડ, પેજ–૨૮૦)

જનરલ સેલમન જોઠગીના પ્રતિબંધના કારણે હિંદુસ્તાનના ઈતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. હિંદુસ્તાનની પડતીના સમયની તા'લીમની મહાનતાનો સ્વીકાર કરતાં લખે છે :–

''જે ઈલ્મ (જ્ઞાન) અમારા બાળકો લેટીની અને યૂનાની ભાષાઓમાં કોલેજોમાં પ્રાપ્ત કરે છે એ જ આ લોકો અરબી તથા ફારસી ભાષાઓમાં શીખે છે અને સાત વરસના અભ્યાસ પછી એક તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) પોતાના માથા પર જે ઓક્સફોર્ડના ઈલ્મ પ્રાપ્તિથી ફારિગ થનાર (ગ્રેજ્યુએટ) વિદ્યાર્થીની જેમ ઈલ્મથી ભરેલો હોય છે, દસ્તારે ફઝીલત બાંધે છે અને એ જ રીતેની ગતિએ સુકરાત, અરસ્તૂ, અફલાતૂન, બુકરાત, જાલીનૂસ તથા બૂ અલી સીના પર ચર્ચા કરી શકે છે જે રીતે ઓક્સફોર્ડનો કામયાબ વિદ્યાર્થી કરે છે.'' *(બહવાલા ''તારીખે રોહેલ ખંડ, પેજ–૨૮૦)*

બરેલીથી મોટા મોટા આલિમો તથા ફઝ્લો કમાલવાળા ફારિગ થયા. મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝાના પછી સદરુશ્શરીઅહ્, અલ્લામા શાહ મુહમ્મદ અમજદઅલી આ'ઝમી અને તાજદારે અહલે સુન્નત મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ મુસ્તફા રઝા علیہما الرحمہ નો શિક્ષણ તથા કેળવણીનો દૌર અત્યંત મહત્વનો હતો. બરેલીના જે ફાઝિલોએ પોતાના દર્સની બરકત તથા પોતાના શાગિર્દોની ખૂબ જ અધિક્તાથી મદ્રસાઓ તથા મકતબો, તેહકીક તથા કિતાબ, લેખન તથા દા'વત તથા તબ્લીગના ઈદારાઓની જાળ બીછાવી દીધી એઓમાં બે નામો સોનેરી અક્ષરે લખવાને પાત્ર છે : **(૧)** હાફિઝે મિલ્લત





અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી, સ્થાપક–જામિઆ અશરફિયા–મુબારકપુર **(૨)** મુહદ્દિષે આ'ઝમ–પાકિસ્તાન, હઝરત અલ્લામા શાહ મુહમ્મદ સરદાર અહમદ લાઈલપૂરી علیہ الرحمۃ والرضوان.

હાલમાં બરૈલી શરીફમાં મર્કઝી શખ્સિયત **તાજુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અખ્તર રઝા ખાં અઝહરીમિયાં** مدظلہ العالی છે જેઓ જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ છે તથા આમ તથા ખાસ લોકોના શરણનું કેન્દ્ર છે. આપે થોડાક વરસો પહેલાં ''મર્કઝુદ્દરાસાતુલ ઈસ્લામિયહ્ જામિઅતુર્રઝા''નો પાયો નાખ્યો છે, ત્યાં (બરૈલીમાં) જો કે મન્ઝરે ઈસ્લામ, મઝહરે ઈસ્લામ તથા જામિઆ નૂરિયહ્ પણ તદરીસી (શિક્ષણ)ની સેવાઓ અંજામ આપી રહ્યા છે.

## ☆ દેશની પ્રગતિમાં મદ્રસાઓનો રોલ ☆

અત્યારે અખંડ ભારતમાં સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતના ઉપરાંત વિવિધ ફિર્કા જોવા મળે છે અને દરેક ફિર્કાના અલગ અલગ મદ્રસાઓ તથા મકતબો છે. તે ફિર્કાઓમાં દેવબંદી છે, વહાબી છે, ગૈરમુકલ્લિદ છે, કાદયાની છે, શિઆ છે, અહલે કુર્આન છે, મૌદૂદી છે. એઓમાં દેવબંદીઓના ઈદારાઓ (દા. ઉલૂમો)ની સંખ્યા સૌથી અધિક છે. દેવબંદમાં તેમનો સૌથી મોટો દારુલ ઉલૂમ છે એ ઈદારાને હઝરત હાજી સૈયદ આબિદ હુસૈન કાદરી ચિશ્તી رحمۃ اللہ علیہ એ હિ.સ. ૧૨૮૩/ઈ.સ. ૧૮૬૭ માં સ્થાપ્યો હતો. હાજી આબિદ હુસૈન સુન્ની સહીહુલ અકીદા હતા. આપનો મસ્લકે ઈશ્કો અમલ એ જ હતો જેને આજે બરેલ્વી અહ્લે સુન્નત વ જમાઅત કહેવામાં આવે છે. પરંતુ જ્યારે મોલ્વી કાસિમ નાનોત્વી એમાં દાખલ પડયા તો એના પર ખાસ રંગ ચઢવા માંડયો અને ક્રમે ક્રમે તદ્દન દેવબંદી મકતબે ફિક્રનો તર્જુમાન બની ગયો. એ જ પ્રમાણે તેમનો બીજો મોટો ઈદારો ''નદવતુલ ઉલમા'' લખનૌ છે જે સુલેહ કુલના પાયા પર સ્થાપિત થયો હતો પરંતુ એના ઉપર પણ દેવબંદી મકતબે ફિક્ર (વિચારસરણી)ની પકડ થઈ ગઈ. અને હવે એ પણ તેમના જ અકીદા તથા મસ્લકનો પ્રચારક બની ગયો છે. ખૈર, આ વાતો આપણા વિષય બહારની દરમ્યાનમાં આવી ગઈ, ખરેખર અમારે અખંડ ભારતના સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતના મદ્રસાઓની તાલીમી (શૈક્ષણિક) તથા તર્બિયતી (કેળવણી) તથા વ્યવસ્થાની પોઝીશન પર પ્રકાશ વેરવો છે.

અહલે સુન્નત વ જમાઅતના મદ્રસાઓમાં થોડા થોડા ફેરફાર વધઘટની સાથે બે પ્રકારના નિસાબ (કોર્સ) ચાલી રહ્યા છે. દર્સે આલિયહ્ તથા દર્સે નિઝામિયહ્. સિરિશ્તા અરબી તથા ફારસી બોર્ડ–ઈલાહાબાદમાં દર્સે આલિયહ્ માન્ય છે. લગભગ એક વરસ અગાઉ જામિઆ અશ્રફિયા–મુબારકપુરના નામાંકિત ફાઝિલ ડો. ગુલામ યહ્યા અંજુમ મિસ્બાહી સાહેબે બોર્ડના નિસાબમાં કાંઈક ફેરફાર કરીને એક નિસાબ એ જ નામથી સંપાદિત કર્યો છે જેને ઉત્તર પ્રદેશની ગવર્નમેન્ટના અરબી તથા ફારસી વિભાગના બોર્ડ ઈલાહાબાદે મંઝૂર કરી લીધો છે.

હિંદુસ્તાનમાં "દર્સે આલિયહ્"નું પ્રતિનિધિત્વ કરતો ઈદારો મદ્રસા આલિયહ્ રામપુર છે. મદ્રસા આલિયહ્–રામપૂરે ઈલ્મો વિદ્યાઓના પ્રસાર તથા પ્રચારમાં ઘણો જ ઐતિહાસિક રોલ અદા કર્યો છે, કયારેક એમાં ટોચના મશ્હૂર ઉસ્તાદો તથા ફિકોફનના ચાહકો રહેતા હતા. "નવાબ ફૈઝુલ્લાહખાને ઈ.સ. ૧૭૭૪ માં રામપુર રાજ્ય સ્થાપ્યું. રાજ્ય સ્થાપ્ના સાથે જ તેમણે મદ્રસા આલિયાનો પાયો નાખ્યો અને દૂર દૂરથી આલિમો, ફાઝિલો, સૂફીઓ તથા ફકીહોને રામપૂર બોલાવ્યા. નવાબ ફૈઝુલ્લાહખાનના સમયમાં જ રાજા મગૂલાલ ફિલોસોફરે પોતાની કિતાબ "મસાકિને ફલસફી"માં રામપૂરને "હિંદનું બુખારા" ઠરાવ્યું. ફિલોસોફરના મુજબ પાંચસો આલિમોને તેના દરબારથી વઝીફા મળતા હતા જ્યારે કે મોલ્વી કુદરતુલ્લાહ શૌકે ઈતિહાસ "જહાંનુમા"માં એક હજાર આલિમોને વઝીફાઓ મેળવનારાઓનો હવાલો આપ્યો છે. ઈન્ડોનેશિયા, બર્મા, સુમાત્રા, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, સૂબા સરહદ બંગાળ તથા અન્ય સ્થળોએથી હજારો ઈલ્મ પિપાસુઓ રામપૂર આવ્યા અને ઈલ્મના ઝરણાએથી તૃપ્ત થયા. સર્વ પલ્લી ડો. રાધા કૃષ્ણ જેઓ બાદમાં હિંદના રાષ્ટ્રપતિ થયા તેમની સરદારી હેઠળ ઈન્ડિયન ગવર્નમેન્ટે પૂરાણા વિદ્યા કેન્દ્રો તથા તેમની શિક્ષણ પધ્ધતિનો અભ્યાસ કરવા માટે એક કમિશન નિયુક્ત કર્યું હતું. તે કમિશને મદ્રસા આલિયા રામપૂરને ઈ.સ. ૧૮૫૭ થી પહેલાંની ઉચ્ચ ઈલ્મોની એક યુનિવર્સિટી ઠરાવી." *(માહનામા ઝિયાએ વજીહ–રામપૂર, જૂલાઈ–૨૦૦૨)*

બીજો નિસાબ (કોર્સ) "દર્સે નિઝામી'ની તા'લીમ છે. આ નિસાબને મૌલાના નિઝામુદ્દીન ફિરંગી મહલીએ સંપાદિત કર્યો હતો. હાલમાં સામાન્યતઃ મદ્રસાઓમાં "દર્સે નિઝામી" ચાલે છે, જો કે તેમાં ઘણા બધા ફેરફારો કરી દેવામાં આવ્યા છે. મઅકૂલાતની (ફિલોસોફીની) મોટાભાગની કિતાબો





કોર્સમાંથી કાઢી નાખવામાં આવી છે અને એના સ્થાને અરબી અદબ તથા અન્ય દીનિયાતની કિતાબો કોર્સમાં સમાવવામાં આવી છે. અત્યારે અહલે સુન્નત વ જમાઅતમાં "દર્સે નિઝામી"નો સૌથી મોટો ઈદારો **"જામિઆ અશ્રફિયા"** મુબારકપુર છે. હિંદુસ્તાનના મોટા ભાગના મદ્રસાઓના સ્થાપક, વ્યવસ્થાપક, મુદર્રિસ તથા પ્રિન્સિપાલ અશ્રફિયાના ફરઝંદો છે જેઓ પોતાના નામની સાથે ઈદારાના પૂરાણા નામ **"દારુલ ઉલૂમ અહલે સુન્નત મિસ્બાહુલ ઉલૂમ"**ની નિસ્બતથી **મિસ્બાહી** લખે છે.

અત્યારે દેશના ખૂણે ખૂણે હજારો મદ્રસાઓ ચાલી રહ્યા છે તે મદ્રસાઓની તાલીમ તથા તર્બિયતનો પાયાનો હેતુ ધાર્મિક ઈલ્મો તથા વિદ્યાઓમાં પહોંચ પામવાની સાથોસાથ ઈસ્લામી સંસ્કૃતિના પ્રમાણે વ્યક્તિનું ઘડતર કરવાનો હોય છે. સામાન્યતઃ ગરીબ તથા નાદાર બાળકો આ મદ્રસાઓમાં તા'લીમ હાંસલ કરે છે. યુ.પી. બિહાર, બંગાળ તથા એમ. પી. ના કેટલાક મદ્રસાને રાજ્ય સરકારનો આંશિક તથા મામૂલી સહકાર મળે છે, બાકી પૂરા દેશના તમામ મદ્રસાઓની સાર સંભાળ મુસ્લિમ સખીદાતાઓ કરે છે. અગાઉની સરખામણીમાં મદ્રસાઓની સ્થિતિ બેહતર થઈ છે પરંતુ વર્તમાનકાળના સ્તરને જોતાં હજી પણ તેમની કક્ષા ઘણી નીચી છે. બફદ્લિહી તઆલા આ મદ્રસાઓના મુદર્રિસો તથા શિક્ષકોની નજર એશ તથા આરામને બદલે દીની વિકાસ તથા કૌમની ખિદમત પર રહે છે. **યાદ રાખશો કે અહલે સુન્નત વ જમાઅતના મદ્રસાઓનો સઊદિયા કે અખાતી દેશો સાથે કોઈ આર્થિક સંબંધ નથી** જેમનાથી ગૈર સુન્ની મદ્રસા લાભ પામી રહ્યા છે. એ જ કારણે અહલે સુન્નતના મદ્રસાઓને ભારતના ૮૦ % મુસલમાનોનો સહકાર પ્રાપ્ય છે છતાં દેવબંદી તથા વહાબી મકતબો ફિક્ર (વિચારશ્રેણી)ના મદ્રસાઓની સરખામણીમાં તેમનું આર્થિક સ્તર ઉતરતી કક્ષાનું છે. પરંતું આવા સંજોગોમાં પણ અહલે સુન્નતના મદ્રસાઓ ઈલ્મ તથા હિકમતના ઉધ્ધાર તથા દીન તેમજ દાનિશના પ્રચાર તથા પ્રસારમાં જે મહામૂલા કારનામાંઓ અંજામ આપી રહેલ છે તેનું ઉદાહરણ તેઓ પોતે જ છે. ઈસ્લામી મદ્રસાઓથી ફારિગ થનારા આલિમો દેશ તથા સમાજની સુધારણાને પોતાની દીની તથા મિલ્લી જિમ્મેદારી સમજે છે. અમ્નો અમાન (શાંતિ તથા સલામતી)ને યથાવત રાખવું એ એમની કેળવણીનો એક ભાગ હોય છે. તેઓ પોતાના સંસ્કાર તથા સભ્યતાથી દીની ચિંતન તથા દ્રષ્ટિ વડે માનસિક રીતે તથા અમલી રીતે દેશના ખૂણે ખૂણે સુલહ શાંતિનું વાતાવરણ તથા ભલાઈનું સામ્રાજ્ય સ્થાપવા ચાહે

છે. **ઈસ્લામી મદ્રસાઓ આતંકવાદના અડ્ડા નથી પણ જ્ઞાનના વિકાસના મહત્વનાં કેન્દ્રો તથા દેશના ઘડતર તથા પ્રગતિની ચળવળ છે.**

ઈસ્લામી મદ્રસાઓ દેશના આધુનિક તથા ધાર્મિક ઈલ્મોના રિવાજ તથા તા'લીમ તથા શિક્ષણના ફેલાવામાં ખૂબ જ પ્રમાણમાં વધારો કરી રહ્યા છે. જો આ મદ્રસા બંધ થઈ જાય તો લાખો બાળકોની તા'લીમ તથા કેળવણીની જિમ્મેદારી ગવર્નમેન્ટના માથે આવીને ઊભી રહેશે અને હુકૂમત અબજો રૂપિયા ખર્ચ કર્યા પછી પણ આટલા સભ્યતાપૂર્ણ અને પુરસુકૂન તથા લાભકારક ઈદારા નથી ચલાવી શકતી. આ રીતે જાણે આ ઈસ્લામી મદ્રસાઓ દેશમાં તા'લીમી પ્રચારના વધારાની સાથે દર વર્ષે અબજો રૂપિયાનો આર્થિક ફાયદો પણ કરી રહેલ છે, રાજ સત્તા ચલાવનારાઓને કદાચ એનો એહસાસ પણ નથી.

**આ મદ્રસાઓનો દેશની સુધારણા તથા પ્રગતિમાં એક આગળ પડતો રોલ એ છે કે,** હુકૂમત દર વર્ષે પબ્લિકની સુધારણાના માટે કેટલા કાનૂન બનાવે છે, કેટલા લોકોને કેવળ એ મકસદના માટે પગાર આપે છે કે શરાબ પાન બંધ થાય, નશાકારીઓનો ક્રમ બંધ થાય, ખૂના મરકીના સ્થાને અમ્નો સલામતી આવે, ચોરી તથા લાંચનો જનાઝો નીકળી જાય, વ્યભિચાર તથા કુકર્મો પર બ્રેક લાગે, તોફાનોનો ક્રમ અટકે, દેશમાં શિક્ષણ વ્યાપક બને. પરંતુ હજારો કોશિશો છતાં જેમ જેમ દવા કરવામાં આવી રહી છે તેમ તેમ બીમારી વધતી જઈ રહી છે. **જ્યારે કે આ તમામ કામો ગવર્નમેન્ટની કશીય મદદ વિના આલિમો દેશભરમાં પૂરા શોખપૂર્વક ઉત્સાહભેર કરી રહ્યા છે.** મસ્જિદોમાં, ધાર્મિક જલાઓમાં, મદ્રસાઓની કોન્ફરન્સોમાં સામાન્યતઃ આલિમોનાં પ્રવચનોના એ જ તો વિષયો હોય છે અને તેની અસરો મુસ્લિમ સમાજમાં આસ્માનના તારાઓની જેમ જોઈ શકાય છે. હોવું તો એવું જોઈએ કે મદ્રસાઓના વ્યવસ્થાપકો તથા મુદર્રિસોને ગવર્નમેન્ટ કૌમી સન્માનો આપે અને મદ્રસાઓના વજૂદને પોતાના દેશના માટે ગર્વને પાત્ર સમજે. પણ અફસોસ ! કે એવું નથી થઈ શકતું બલ્કે એથી ઉલ્ટુ તેમને દેશના તથા મિલ્લતના માટે ખતરાનું નિશાન તથા આતંકવાદનો અડ્ડો સમજવામાં આવવા લાગ્યો !

ખિરદકા નામ જુનૂં રખ દિયા જુનૂંકા ખિરદ
જો ચાહે આપકા હુસ્ને કરિશ્મા સાઝ કરે

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





રજી નં. : GRWB/056/Bharuch/02

# મદ્રસા બરકાતે ખ્વાજા

ઠે. ચાર રસ્તા, રઝા મસ્જિદ પાસે, મુ. **આમોદ**, જિ. ભરૂચ પિન : ૩૯૨૧૧૦,
ફોન નં : (૦૨૬૪૧–૨૪૬૧૯૨, ૨૪૬૨૯૨) અથવા (૦૨૬૪૨–૨૮૨૯૧૧)

## “સુન્ની દા'વતે ઈસ્લામી'' થકી

**દીની તાલીમનો કાયમી તબિર્યતી કેમ્પ ચાલુ છે**

- ✷ કુર્આન શરીફ સહી પઢતાં શીખવાડવામાં આવે છે.
- ✷ ઈબાદતોના અરકાન તથા તેને લગતા મસાઈલ શીખવાડવામાં આવે છે.
- ✷ સરકારે દોજહાં صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી પ્યારી સુન્નતો પ્રતિ મહોબ્બત જગાડી તેની તાલીમ આપવામાં આવે છે.
- ✷ દીનના મુખ્લિસ મુબલ્લિગ તૈયાર કરવા દીની ઈલ્મી જ્ઞાન પીરસવામાં આવે છે.

**દીનના હમદર્દ નવ યુવાનોને અપીલ છે કે દુનિયા કમાવાની સાથોસાથ** દીની પ્રચારની પણ ફિક્ર પેદા કરો અને **અઠવાડિયુ–મહીનો** કે એથી વધુ જ્યાં સુધી રહી શકો આમોદમાં ઉમદા કારી–મુબલ્લિગો થકી તાલીમ મેળવો અને દીનના કામમાં લાગી જાવ.

**વિનંતિ : ઉપરાંત આપણા આ મદ્રસામાં ઈમામત, કારી, હાફિઝના રેગ્યુલર વર્ગો પણ ચાલે છે તો આપનાં ઝહીન બાળકોને અહીં દાખલો અપાવો, જ્યાં ખાવા, પીવા, રહેવાની મફત સગવડ છે. તેમજ સખી દાતાઓ દરેક રીતે ભરપૂર સહકાર કરે તેવી નમ્ર અપીલ છે.** એ માટે ઉપરના સરનામે સંપર્ક કરો.

*–લિ. પ્રમુખ પટેલ શબ્બીર અલી રઝવી, દયાદરવી*